સુવિચાર
''નસીબ લિફ્ટમાં જતું હોય છે, પુરૂષાર્થને તો હંમેશા પગથિયા જ ચડવા પડતાં હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૧૧/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૧ વર્ષ : ૧૬ અંક : ૨૮૭




## ખરીદી માત્ર એક જ મંડળી દ્વારા થતી હોવાથી ખેડૂતોની ધીરજ ખૂંટી રહી છે

# બાબરામાં માત્ર ૫૦૦ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી થઈ

**૧૫ હજાર જેટલા ખેડૂતો પાસેથી ટેકાની ખરીદી ધીમી ગતિએ થતી હોય વધારાની મંડળીને જવાબદારી સોંપવી જરૂરી**

**ખેડૂતોને નાણાની અત્યંત જરૂરિયાત હોવાથી ઝડપથી ખરીદી કરવા માટે સરકાર કરે કાર્યવાહી**

**જગતનાં તાત ગણાતાં ખેડૂતોને દિવસ-રાત દોડધામ થતી જોવા મળી રહી છે**

**અનેક ખેડૂતોમાં ટેકાનાં ભાવે ખરીદી બંધ થવાની પણ ચિંતા જોવા મળી રહી છે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

રાજય સરકાર દ્વારા ૯ નવેમ્બરથી સમગ્ર રાજયમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે અને મોટી સંખ્યામાં ખેડૂતોને રજિસ્ટ્રેશન પ્રમાણે ખરીદી સેન્ટર પર બોલાવવામાં પણ આવી રહ્યા છે. પણ એકલ દોકલ ખરીદી સેન્ટર હોવાથી ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પણ પડી રહી છે.

બાબરામાં માર્કેટીંગયાર્ડમાં ખરીદી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. અહીં દેવભૂમિમાં જોખવા જવાનું અને અહીં યાર્ડ ખાતે આવેલ ખરીદી સેન્ટરમાં ખેડૂતોને સેમ્પલ આપવાનું આમ ખેડૂતો આમથી તેમ ભટકી રહ્યા છે. વળી એક જ મંડળી દ્વારા ખરીદી થતી હોવાથી કોઈ વાતે ખેડૂતોને સમય મર્યાદામાં વારો આવતો નથી. ખેડૂતો મગફળી ભરી યાર્ડમાં આગળના દિવસથી આવી જાય ત્યારે બીજા દિવસે છુટકારો થાય છે. આમ રાત–દિવસના ઉજાગરાથી જગતનો તાત કંટાળી ગયો છે.

ખેડૂતોનાં જણાવ્યા અનુસાર અહીં રાજય સરકાર દ્વારા બીજું ખરીદી સેન્ટર આપવામાં આવે તો ખેડૂતોને રાહત થાય તેમ છે અન્યથા ખેડૂતો રાહ જોતા રહેશે અને ત્યાં ખરીદી બંધ થઈ જશે તેવી ભીતિ પણ વ્યકત કરી હતી.

બાબરા તાલુકામાં

અનુસંધાન પાના ૬ ઉપર



### છેલ્લા પાંચેક વર્ષથી વાહન ચાલકો અવનવી વિગતો મેળવીને કંટાળી ગયા

# અમરેલીથી બાબરા અને ચાવંડ વચ્ચે ફોરલેન ડીવાઈડર માર્ગ બનશે કે નહી ?

**નાગેશ્રીથી અમરેલી, મહુવા–સાવરકુંડલા–અમરેલી અને ઉના–ધારી વચ્ચેનો માર્ગ પણ નેશનલ હાઈવે વિભાગે સંભાળી લીધો**

**અમરેલીથી બાબરા અને ચાવંડ વચ્ચે વ્યાપક ટ્રાફિક રહેતો હોવા છતાં ફોરલેન માર્ગ બનાવાતો નથી**

**રાજકીય આગેવાનો કે સક્ષમ અધિકારીઓ પણ ફોરલેન માર્ગ બનશે કે નહી તે અંગે યોગ્ય ખુલાશો કરતા નથી**

**સાંસદ બદલાયા, ધારાસભ્યો બદલાયા પણ ફોરલેન માર્ગ અંગે યોગ્ય જવાબ મળતો નથી**

અમરેલી, તા. ૨૦

અમરેલીથી બાબરા અને અમરેલીથી ચાવંડ વચ્ચે ટુ–વ્હીલરથી ફોર વ્હીલર અને ટ્રકથી લઈને મહાકાય ટોરસ સુધીનાં વાહનોની વ્યાપક પ્રમાણમાં અવરજવર હોવા છતાં પણ માર્ગને ફોરલેન ડીવાઈડર બનાવાતો ન હોય વાહનચાલકો છેલ્લા પાંચેક વર્ષથી અવનવી વિગતો મેળવીને કંટાળી ગયા પણ સત્તાવાર કોઈ ખુલાશો કે જાહેરાત કરવામાં આવતી નથી.

અમરેલીથી રાજકોટ તરફ વિદ્યાર્થીઓ, વેપારીઓ, નોકરિયાતો, ઉદ્યોગપતિઓનાં ખાનગી તેમજ સરકારી વાહનોની વ્યાપક પ્રમાણમાં અવરજવર રહે છે તો પિપાવાવ પોર્ટ અને અલ્ટ્રાટેક કંપની તરફથી કચ્છ, ઉત્તર ગુજરાત કે રાજસ્થાન તરફ જતાં આવતાં ટ્રકોની પણ અવર જવર જોવા મળી રહી છે.

તદ્દઉપરાંત, અમરેલી–બાબરા વચ્ચેનાં માર્ગનો નાગેશ્રી–ચોટીલા વચ્ચેનાં નેશનલ હાઈવેમાં સમાવેશ થયો હોય અને આ સમગ્ર માર્ગ નેશનલ હાઈવે વિભાગે સંભાળી લીધો હોવા છતાં માર્ગને ફોરલેન ડીવાઈડર સાથે તૈયાર કરાતો નથી.

તેવી જ રીતે અમરેલીને અમદાવાદ–સુરત–મુંબઈ જેવા મહત્વનાં શહેરો સાથે જોડતો ચાવંડનાં માર્ગ ઉપર પણ નાના–મોટા હજારો વાહનોની અવરજવર છે છતાં પણ તે માર્ગને ફોરલેન ડીવાઈડર બનાવાતો નથી.

આમ, તો નાગેશ્રી–ચોટીલા, જેતપુર–અમરેલી–મહુવા અને ઉના–ધારી વચ્ચેનાં માર્ગનું સંચાલન નેશનલ હાઈવેએ સંભાળી લીધુ છે તેમજ સાવરકુંડલાથી રાજુલા વચ્ચેનો માર્ગ પણ ફોરલેન જરૂરી છે.

અમરેલીનાં સાંસદ બદલાયા, ધારાસભ્યો બદલાયા પણ મહત્વનાં માર્ગની હાલત બદલતી નથી. આજનાં ઝડપી યુગમાં વાહનોની સંખ્યામાં પણ વધારો થયો છતાં પણ માર્ગને ફોરલેન ડીવાઈડર સાથે બનાવવામાં કયાં વાંધો આવી રહ્યો છે તે અંગે શાસકોએ જનતા જનાર્દન સમક્ષ ખુલાશો કરવો જરૂરી બન્યો છે.

### ધારાસભ્ય જનક તળાવીયાએ કર્યુ ખાતમુહૂર્ત

## લાઠી : હીરાણાથી જુનવદર માર્ગનું રૂપિયા ૩.૯૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ થશે

**આસપાસનાં વિસ્તાર માટે નવો વિકાસ માર્ગ બનશે**



અમરેલી, તા. ૨૦

લાઠી તાલુકાના હિરાણાથી જુનવદર માર્ગના સર્વાંગીવિકાસ માટે રાજય સરકાર દ્વારા રૂા. ૩.૯૦ કરોડના વ્યયથી નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેકટનું ભવ્ય ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના કરકમલેથી શુભ મુહૂર્તે સંપન્ન થયું.

કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્યરસ્તાઓનો વિકાસ એ ગ્રામ્ય પ્રગતિનું મુખ્ય પાયુ છે. હિરાણાથી જુનવદર માર્ગનું સુધારીકરણ પૂર્ણ થતા લોકો માટે મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે. આ માર્ગ ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે, ખેતી–ખરાપત જેવા વ્યવસાયોને બજાર સાથે વધુ સક્ષમ રીતે જોડશે અને ગામોના સર્વાંગી વિકાસમાં પરિવર્તન લાવશે.

ધારાસભ્યએ વધુમાં ઉમેર્યુ કે રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે અને આવનારા સમયમાં પણ આ પ્રકારના અનેક વિકાસ કાર્યો અમલમાં મૂકવામાં આવશે. આ પ્રોજેકટમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનોને સીધો લાભ મળશે તથા આસપાસના વિસ્તાર માટે નવો વિકાસમાર્ગ ખુલશે.

ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, વિભાગના ઈજનેરો અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય માટે આનંદવ્યક્ત કર્યો અને ધારાસભ્યની પ્રશંસા કરી. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક જનતાએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો અને વિકાસયાત્રામાં સતત સાથે રહેવાની પ્રતિબધ્ધતા દર્શાવી.

## દેશનાં જાણીતા ઉદ્યોગપતિ પ્રવિણભાઈ કોટકનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૨૦

સમગ્ર વિના ૩૦ લાખ જેટલા રઘુવંશીઓની પ્રતિનીધીત્વ કરતી ૧૨૩ વર્ષ જુની માતૃસંસ્થા લોહાણા મહાપરીષદના પૂર્વ અધ્યક્ષ, ભારતના જાણીતા બિલ્ડર, ઈસ્કોન ગ્રુપના ચેરમેન પ્રવિણભાઈ કોટકનો તા. ૨૧, નવેમ્બર, શુક્રવારે જન્મદિવસ છે. પ્રવિણભાઈ કોટકનું જીવન અને કવન સુગંધીમય રહયું છે. વ્યવસાયની સફળતા સાથે તેઓ સામાજીક, સેવાકીય અને ધાર્મિક ક્ષેત્રે સતત સક્રિય રહયાં છે. જ્ઞાતિએ સોંપેલું કામ હોય કે સરકારે સોંપેલી ગુજરાત રાજય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન તરીકેની જવાબદારી હોય, તેમણે પોતાની કર્મઠતા, મહેનત,જવાબદારી, સંપર્કો અને સંબંધોથી શ્રેષ્ઠ પરિણામો મેળવ્યા છે. રાષ્ટ્ર વિના એક અંગ તરીકે રાષ્ટ્ર વિની એકતા, પ્રગતિ અને સમૃધ્ધિને સુસંગત રહી, લોહાણા જ્ઞાતિની સમાજિક, આર્થિક, નૈતિક, આધ્યાત્મિક, ઔધોગીક, શારીરિક, માનસિક, કેળવણી, વિષયક તેમજ સર્વ ઉદ્દેશીય પ્રગતિ સાધવાના ઉપાયો યોજવાનો અને તેને અમલમાં મૂકવા શકય તેટલા પ્રયત્નો કરવાનો, જ્ઞાતિ ઉત્કર્ષ અને અભ્યુદય માટેનાં સર્વ કાર્યો હાથ ધરવાનો અને જ્ઞાતિમાં એકીકરણ, ભાતૃત્વભાવ, સંપ અને સંગઠનની વૃધ્ધિ કરવા જરૂરી જણાય તે સર્વે પ્રવૃતિઓ હાથ ધરવાનું મુખ્ય ધ્યેય લોહાણા મહાપરીષદનું તથા પ્રવિણભાઈ કોટકનું હતું.

પાંચ વર્ષ સુધી સમગ્ર વિનાં લોહાણા મહાજનો, રઘુવંશીઓની પ્રતિનિધિત્વ કરતી લોહાણા મહાપરીષદનું નેતૃત્વ સંભાળ્યા બાદ પ્રવિણભાઈ કોટકે જ્ઞાતિહિત, સમાજહિતના અનેક સદકાર્યો કર્યા છે. સમગ્ર વિમાંથી થેલેસેમીયા નાબૂદી અભિયાનને વેગવંતો બનાવવામાં તેમણે ખૂબ અદકેરો ફાળો આપ્યો છે. પૂ. મોરારીબાપુ, પૂ. રમેશભાઈ ઓઝા, રામદેવજી મહારાજ, પૂ. રવીશંકરજી સહિતના અનેક સંતોના કૃપાપાત્ર, પ્રિતીપાત્ર પ્રવિણભાઈ અત્યંત પ્રેમાળ , વિવેકી વ્યકિતત્વ ધરાવે છે. પ્રવિણભાઈ કોટકને શુભેચ્છા આપવા **મો : ૯૮૭૯૨ ૦૬૬૬૧**

### ગુજરાતનાં પોલીસ વડાની સુચનાને અનુલક્ષીને

## અમરેલીમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનાર ઈસમો અંગે સિટી પોલીસે તપાસ હાથ ધરી

**પીઆઈ વાઘેલા સહિતનાં સ્ટાફે યાદી લઈ તપાસ કરી**



અમરેલી, તા. ૨૦

તાજેતરમાં દિલ્હીમાં થયેલ આંતકી પ્રવૃતિ બાદ હાલમાં ભારત દેશમાં ગુજરાત રાજયના એન્ટી ટેરરીસ્ટ સ્કોડ દ્વારા રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનાર આરોપીઓ પકડી પાડવામાં આવેલ હતા. જે બાબતોને ધ્યાનમાં લેતા ગુજરાત રાજયના ડી.જી.પી. દ્વારા જિલ્લા ખાતે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનાર જે ઈસમો વિરૂધ્ધ ગુનાનો દાખલ કરવામાં આવેલ છે, તેવા તમામ આરોપીઓનુ ચેકિંગ હાથ ધરવા સૂચના આપવામાં આવેલ હતી જે અનુસંધાને અમરેલી જિલ્લાના એસ.પી. દ્વારા જિલ્લામાં છેલ્લા ૩૦ વર્ષમાં દાખલ થયેલ આવા તમામ આશરે ૫૦૦ જેટલાઓ આરોપીઓને ૧૦૦ કલાકમાં ચેક કરવા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન તેમજ એસ.ઓ.જી. શાખાને સૂચના આપવામાં આવેલ હતી. જે બાબતે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન તેમજ એસ.ઓ.જી. શાખા દ્વારા ચેકિંગ કામગીરી કરવામાં આવેલ છે.

ત્યારે અમરેલી સીટી પોલીસ સ્ટેશનનાં પી.આઈ. વાઘેલા સહિતનાં સ્ટાફે અમરેલી શહેરમાં રહેતાં આવા ઈસમોની યાદી લઈ સ્થળ તપાસ કરી હતી.

### હેલ્થ સ્ક્રિનિંગ કેમ્પની પત્રકારોના આરોગ્યની ચકાસણી થતા

## અમરેલી જિલ્લાના પત્રકારોઓએ ફિટ ઈન્ડિયા–ફિટ મીડિયા કેમ્પેઈનને આવકાર્યુ

**ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમને આવકારતા પત્રકારઓએ આભાર વ્યકત કર્યો**

અમરેલી, તા. ૨૦

ગુજરાત સરકારના માહિતી ખાતા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે પત્રકારોના આરોગ્યની સંભાળ માટે ‘ ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા’ અંતર્ગત શરૂ કરવામાં આવેલા હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમને અમરેલી જિલ્લાના મીડિયાકર્મીઓએ આવકાર્યો છે.

અમરેલી રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ડો. ભરતભાઈ કાનાબારે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારને રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે મીડિયાકર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ દ્વારા લીવર તથા કિડની ફંકશન, યુરિક એસિડ, વિટામીન બી ૧૨, ડાયાબિટીસ પ્રોફાઈલ વગેરે તબીબી રિપોર્ટ કરવામાં આવે છે. આ તબીબી તપાસથી પત્રકારો આવનાર બીમારીઓ સામે સાવચેત થઈ શકે છે. ગયા વર્ષે જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં મીડિયા કર્મીઓએ આ કેમ્પનો લાભ મેળવ્યો છે. તેમણે આ કાર્યક્રમને આવકારદાયક ગણાવ્યો હતો.

અમરેલીના વરિષ્ઠ પત્રકાર મિલાપભાઈ રૂપારેલે આ હેલ્થ સ્કિનિંગના કાર્યક્રમ સંદર્ભે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનું ખૂબ સરાહનીય કાર્ય છે, પત્રકારો રાતદિવસ સમાચારો માટે ભાગદોડ કરતા રહે છે, તેવી સ્થિતિમાં તેઓ પોતાની તંદુરસ્તી પર પૂરતું ધ્યાન રાખી શકતા નથી, ત્યારે આ હેલ્થ સ્કિનિંગ કેમ્પથી તેમના આરોગ્યની ચકાસણી થઈ શકે છે અને ભવિષ્યમાં આવનાર બિમારીઓ માટે સાવચેત થઈ શકે છે. તેથી જરૂરી આરોગ્યલક્ષી કાળજી લઈ શકે.

દિવ્ય પ્રકાશ દૈનિકના તંત્રી હિંમતલાલ પટેલે પત્રકારઓ માટેના હેલ્થ સ્કિનિંગના કાર્યક્રમને આવકારી ગુજરાત સરકાર અને રેડ ક્રોસ સોસાયટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

અગ્રણી પત્રકાર રાજેશભાઈ ગઢીયાએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને રેડ ક્રોસ સોસાયટી મીડિયાકર્મીઓને સ્વસ્થ રાખવા માટે છેલ્લા બે વર્ષથી આ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે, આ હેલ્થ સ્કીનિંગથી ઘણા મિત્રોની અનડિટેકટ બીમારીઓ સામે આવે છે. જેથી આરોગ્ય લક્ષી જરૂરી કાળજી લેવાનો ખ્યાલ મળી રહે છે. આમ, કાર્યક્રમનો પત્રકારઓને ખૂબ ફાયદો થાય છે.

### ખેડૂતો સીધા ગ્રાહકોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું કરશે વેચાણ

## અમરેલી જિલ્લા પંચાયત ખાતે આજે અમૃત ખેડૂત બજારનું આયોજન

**શાકભાજી, ફળો, અનાજ–દાળ સહિતનું વેચાણ કરાશે**

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તા. ૨૧/૧૧/૨૦૨૫ના રોજ ‘અમૃત ખેડૂત બજાર’નું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લા પંચાયતના પરિસરમાં યોજાનારા આ બજારમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ભાઈઓ–બહેનો દ્વારા ઉત્પાદિત તાજા શાકભાજી, ફળો, અનાજ–દાળ, તેમજ ગાય આધારિત વિવિધ ઉત્પાદનો આ બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

આ બજાર સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી ખુલ્લું રહેશે. જેમાં પ્રાકૃતિક રીતે ઉત્પાદિત સ્વચ્છ, સુરક્ષિત અને આરોગ્યવર્ધક ખેતી ઉત્પાદનોનું વેચાણ થશે. સાથે જ અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને આ બજારની મુલાકાત લેવા અને પ્રાકૃતિક ખેતીના સ્વસ્થ તથા ગુણવત્તાવાળા ઉત્પાદનો ખરીદવા અનુરોધ કરવામાં આવે છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે અને ખેડૂતોએ સીધી વેચાણની સુવિધા પ્રાપ્ત કરે તે બજારની મુલાકાત લેવા માટે એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

## અમરેલી જિલ્લા પંચાયત જાહેર આરોગ્ય સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા પંચાયત જાહેર આરોગ્ય સમિતિની બેઠક ચેરમેન, જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ સ્થાને બુધવારે યોજાઈ હતી. આ બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી.

બેઠકમાં આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો, દવાના સ્ટોરના બાંધકામ તથા નવીન બાંધકામને આપવામાં આવેલી મંજૂરી અને તેની અદ્યતન સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં ચેપી–બિન ચેપીરોગોની સમીક્ષા કરવામાં આવી હતી. કમીટીમાં થયેલા સૂચનની અમલવારી કરવા માટે કડક પગલાં લેવામાં આવશે તેમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અખીલેશકુમાર સિંહ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બાબરા ખાતે સર્વરોગ નિદાન કેમ્પનો પ્રારંભ કરાવતાં પાલિકા પ્રમુખ કરકર



તસ્વીર : પંકજ ઈન્ડોડીયા–બાબરા

બાબરામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને વિભાગીય નાયબ અધિકારી સૂચના મુજબ અહીં સરકારી હોસ્પિટલમાં સર્વરોગ નિદાન કેમ્પનુ આયોજન કરવામા આવેલ હતું જેને દીપ પ્રાગટય કરી પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે નગરપાલિકા કારોબારી સમિતિ ચેરમેન અશ્વીનભાઈ મકવાણા, યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.અક્ષય ટાંક, સુપ્રીન્ટેડન્ટ ડો. વોરા, ડો. મોહિત ચૌહાણ, મહેશભાઈ બસીયા, ડો. જયદીપ સોલંકી, ડો. નિશિથ ગોરાસિયા બાળરોગ નિષ્ણાંત, ડો. ચાવડા ગાયનેક નિષ્ણાંત, ડો ઠાકર, ડો. મહેશ ગોહિલ સહિતના તબીબો દ્વારા સેવા આપવામાં હતી. આ કેમ્પમા બહોળી સંખ્યામા દર્દીઓએ લાભ લીધેલ હતો.

### નવા મંત્રીમંડળમાં ૨૬ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો

# નીતિશ કુમારે રચ્યો ઈતિહાસ, ૧૦મી વખત લીધા મુખ્યમંત્રી પદના શપથ

## પ્રધાનમંત્રી મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય NDA પક્ષોના અસંખ્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા

પટણા, તા. ૨૦

નીતિશ કુમાર ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા છે. નીતિશ કુમારે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. રાજ્યપાલે નીતિશ કુમારને પદના શપથ લેવડાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં નીતિશ કુમારે ગુરુવારે રેકોર્ડ ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. નીતિશના નવા મંત્રીમંડળમાં ૨૬ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સમ્રાટ અને વિજય સતત બીજા કાર્યકાળ માટે નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. સ્ટેજ પર પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા અને અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય NDA પક્ષોના અસંખ્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. નીતિશ કુમારના શપથ ગ્રહણ સમારોહમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહ્યા હતા.મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપરાંત, અન્ય ૨૬ મંત્રીઓએ શપથ લીધા હતા. નાયબ મુખ્યમંત્રીઓ સમ્રાટ ચૌધરી અને વિજય સિંહા ઉપરાંત શપથ લેનારાઓમાં વિજય ચૌધરી, વિજેન્દ્ર યાદવ, શ્રવણ કુમાર, મંગલ પાંડે, દિલીપ જયસ્વાલ, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સહની,નીતિન નવીન, રામ કૃપાલ, સંતોષ સુમન, સુનીલ કુમાર, જમા ખાન, સંજય સિંહ ટાઈગર, અરુણ શંકર, સુરેન્દ્ર મહેતા, નારાયણ પ્રસાદ, રામા નિષાદ, લખેન્દ્ર કુમાર રોશન, શ્રેયસી સિંહ, પ્રમોદ કુમાર, સંજય કુમાર, સંજય કુમાર સિંહ, અને દીપક પ્રકાશે મંત્રી પદના શપથ લીધા હતા. નીતિશકુમારે કેબિનેટમાં પોતાની સાથે ભાજપ, જેડીયુ, એલજેપી-આર, એચએએમ અને આરએલએમના કુલ ૨૬ નેતાઓને મંત્રી બનાવ્યા છે. નીતિશ કેબિનેટમાં ભાજપના ૧૪, જેડીયુના ૮, લોજપા-આરના ૨, હમ અને રાલોમોના ૧-૧ મંત્રી બન્યા છે. આ ૨૬ મંત્રીઓમાં રાલોમો કોટાના દીપક પ્રકાશ કોઈ પણ સદનના સભ્ય નથી. ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર દીપક પ્રકાશને વિધાન પરિષદમાં લઈ જવામાં આવશે. જીતનરામ માંઝીએ પણ તેમના પુત્ર સંતોષ સુમનને હમ કોટામાંથી ફરી મંત્રી બનાવડાવ્યા છે. ચિરાગ પાસવાને મહુઆથી મુકેશ રૌશન તથા તેજ પ્રતાપ યાદવને હરાવનારા સંજયકુમાર સિંહ તથા બખરીથી સીપીઆઈને હરાવીને આવેલા સંજય પાસવાનને મંત્રી બનાવડાવ્યા છે. નોંધનીય છે કે બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDA એ કુલ ૨૦૨ બેઠકો જીતી હતી. ભાજપે ૮૯ બેઠકો જીતી હતી. નીતિશ કુમારની જનતા દળ (યુનાઈટેડ) ૮૫ બેઠકો સાથે બીજા ક્રમે રહી હતી. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (R) એ ૧૯ બેઠકો જીતી હતી. હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) એ પાંચ બેઠકો જીતી હતી, અને રાષ્ટ્રીય લોક મોરચાએ ચાર બેઠકો જીતી હતી.

### નીતિશ કેબિનેટમાં સામેલ મંત્રીઓની પૂરી યાદી.....

પટણા, તા. ૨૦

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની પ્રચંડ જીત બાદ જેડીયુના નીતિશકુમારે આજે મુખ્યમંત્રી પદના શપથ લીધા. ભાજપના કોટામાંથી સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હાએ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. નીતિશકુમાર આજે ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા.

- નીતિશકુમાર- મુખ્યમંત્રી- જેડીયુ
- સમ્રાટ ચૌધરી- નાયબ મુખ્યમંત્રી- ભાજપ
- વિજયકુમાર સિન્હા- નાયબ મુખ્યમંત્રી- ભાજપ
- વિજયકુમાર ચૌધરી- મંત્રી- જેડીયુ
- બિજેન્દ્ર પ્રસાદ યાદવ- મંત્રી - જેડીયુ
- શ્રવણકુમાર- મંત્રી- જેડીયુ
- મંગળ પાંડે- મંત્રી- ભાજપ
- દિલીપ જયસ્વાલ- મંત્રી- ભાજપ
- અશોક ચૌધરી- મંત્રી- જેડીયુ
- લેસી સિંહ- મંત્રી- જેડીયુ
- મદન સહની- મંત્રી- જેડીયુ
- નિતિન નવીન- મંત્રી- ભાજપ
- રામકૃપાલ યાદવ- મંત્રી- ભાજપ
- સંતોષ સુમન- મંત્રી- હમ
- સુનિલ કુમાર- મંત્રી- જેડીયુ
- મોહમ્મદ જમા ખાન- મંત્રી- જેડીયુ
- સંજય સિંહ ટાઈગર- મંત્રી- ભાજપ
- અરુણ શંકર પ્રસાદ- મંત્રી- ભાજપ
- સુરેન્દ્ર મહેતા- મંત્રી- ભાજપ
- નારાયણ પ્રસાદ- મંત્રી- ભાજપ
- રમા નિષાદ- મંત્રી ભાજપ-
- લખેન્દ્ર કુમાર રૌશન- મંત્રી- ભાજપ
- શ્રેયસી સિંહ- મંત્રી- ભાજપ
- પ્રમોદકુમાર- મંત્રી- ભાજપ
- સંજયકુમાર પાસવાન- મંત્રી- લોજપા-આર
- સંજયકુમાર સિંહ- લોજપા-આર
- દીપક પ્રકાશ- રાલોમો

નીતિશકુમારની સાથે સાથે ભાજપ તરફથી સમ્રાટ ચૌધરી અને વિજય સિન્હા પણ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. પટણાના ગાંધી મેદાનમાં આ શપથ સમારોહનું આયોજન થયું. આ કાર્યક્રમમાં પીએમ મોદી અને એનડીએ શાસિત અનેક રાજ્યોના મુખ્યમંત્રી સહિત બિહારના અનેક જિલ્લાઓમાંથી લોકો પહોંચ્યા હતા. નીતિશકુમારની સાથે સાથે સરકારના ૨૬ મંત્રીઓ પણ શપથ લઈ રહ્યા છે. ભાજપના કોટામાંથી સરકારમાં બે ડેપ્યુટી સીએમ બન્યા છે. સમ્રાટ ચૌધરી અન વિજયકુમાર સિન્હાએ પણ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. નીતિશકુમારે આજે ગાંધી મેદાનમાં ૧૦મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. શપથ લીધા બાદ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું અભિવાદન કર્યું. નીતિશકુમારના શપથ ગ્રહણ સમારોહમાં દિગ્ગજ નેતાઓ સામેલ થયા છે. જેમાં પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, યુપીના સીએમ યોગી આદિત્યનાથ વગેરે પણ ગાંધી મેદાન પહોંચ્યા હતા. લેસી સિંહ, નીતિન નવીન, મદન સહની, રામકૃપાલ યાદવ, સુનીલકુમારે પણ મંત્રી પદના શપથ લીધા છે. આ ઉપરાંત જમા ખાન, સંજય સિંહ ટાઈગર, રમા નિષાદે મંત્રી પદના શપથ લીધા. જમા ખાન જેડીયુ વિધાયક છે. જ્યારે સંજય સિંહ ટાઈગર અને રમા નિષાદ ભાજપ કોટામાંથી મંત્રી બન્યા છે.

### શાળાએ આવવામાં થયો હતો ૧૦ મિનિટનો વિલંબ

# શિક્ષકે ૧૦૦ ઉઠક-બેઠક સજા આપતા ૧૨ વર્ષની વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું

## આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે

પાલઘર, તા. ૨૦

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં એક ખાનગી શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને શાળામાં પહોંચવામાં ૧૦ મિનિટનો વિલંબ થતાં કથિત રીતે ઉઠક-બેઠકની સજા આપવામાં આવી હતી. આ ઘટનાના લગભગ એક અઠવાડિયા પછી આ વિદ્યાર્થિનીનું મોત થઈ ગયું. વિદ્યાર્થિની ૧૨ વર્ષની હતી. આ મામલે હવે પોલીસે ઉઠક-બેઠકની સજા આપનાર શિક્ષિકા મમતા યાદવ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. સારવાર દરમિયાન વિદ્યાર્થિના મોત બાદ પહેલા એડીઆર નોંધવામાં આવ્યુ હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તેના પરિવારની ફરિયાદના આધાર પર હવે શિક્ષિકા વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગંભીર ગુનો નોંધવામાં આવ્યો છે.વરિષ્ઠ પોલીસ ઈન્સ્પેક્ટર દિલીપ ઘુગેએ જણાવ્યું કે, ૮ નવેમ્બરના રોજ શિક્ષિકાએ ઘણા બાળકોને મોડા આવવા બદલ ૧૦૦ વખત ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી. આ ૧૨ વર્ષની વિદ્યાર્થિની પણ પોતાના ખભા પર બેગ લટકાવીને સજા પૂરી કરે છે. ઘરે પરત ફર્યા પછી છોકરીની તબિયત ઝડપથી બગડતી ગઈ. તેના પરિવારે તેને પહેલા વસઈની એક હોસ્પિટલમાં દાખલ કરી અને પછી જ્યારે તેની તબિયત વધુ ખરાબ થઈ ત્યારે તેને મુંબઈની જેજે હોસ્પિટલમાં રિફર કરવામાં આવી. જ્યાં ઘણા દિવસો સુધી જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કર્યા બાદ તેનું મોત થઈ ગયું. શું છે સમગ્ર મામલો? - મહારાષ્ટ્રના વસઈમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થિના શંકાસ્પદ મૃત્યુથી સ્થાનિક વહીવટીતંત્ર અને શિક્ષણ વિભાગને મુશ્કેલીમાં મૂકી દીધા છે.- પરિવારના સભ્યોએ શાળાના વહીવટીતંત્ર પર બાળકીને પરેશાન કરવાનો આરોપ લગાવ્યો છે, જેના કારણે બાળકીનું મોત થયું.- આ ઘટના વસઈ પૂર્વના સાતિવલી સ્થિત શ્રી હનુમાન વિદ્યા મંદિરની છે, જ્યાં શાળાએથી પાછા ફર્યા બાદ ધોરણ ૬માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી.- આ ઘટના ૮ નવેમ્બરના રોજ બની હોવાની માહિતી મળી રહી છે. તે દિવસે વિદ્યાર્થિની શાળાએ થોડી મોડી પહોંચી હતી, જેના કારણે શિક્ષિકાએ તેને અને કેટલાક અન્ય વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલ બેગ સાથે ૧૦૦ ઉઠક-બેઠક કરવાની સજા આપી હતી.- વિદ્યાર્થિનીના મોત બાદ પરિવારે સ્કૂલ મેનેજમેન્ટ અને શિક્ષિકા પર ગંભીર આરોપો લગાવતા દાવો કર્યો કે સજાને કારણે જ અમારી પુત્રીનું મોત થયું છે. તેઓ આ મામલે કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.વિદ્યાર્થિનીની માતાએ જણાવ્યું કે, 'મારી દીકરી શાળામાં મોડી પહોંચી હતી, તેથી તેણે અન્ય કેટલાક વિદ્યાર્થીઓ સાથે ખભા પર બેગ લટકાવીને ઉઠક-બેઠક કરવી પડી. મારી દીકરીએ અમને એ નથી જણાવ્યું કે, તેણે કેટલી ઉઠક-બેઠક કરવી પડી. પરંતુ બાળકોના કહેવા પ્રમાણે કેટલાકે ૧૦૦, કેટલાકે ૫૦ અને કેટલાકે ૬૦ ઉઠક-બેઠક કરી હતી. મારી દીકરીએ પણ એવું જ કર્યું. જ્યારે મારી દીકરી સાંજે ૫:૦૦ વાગ્યે ઘરે આવી ત્યારે તેણે કહ્યું કે તેને પીઠમાં દુઃખાવો થઈ રહ્યો છે. જ્યારે મેં તેને પૂછ્યું, ત્યારે તેણે મને કહ્યું કે શું થયું હતું. ત્યારથી તેની સમસ્યાઓ વધતી ગઈ અને અંતે તેનું મોત થઈ ગયું. અમે પહેલા તેને આસ્થા હોસ્પિટલમાં દાખલ કરી જ્યાં ડોક્ટરોએ કહ્યું કે, અમે તેને દવા આપી રહ્યા છે, અને તે ઉઠક-બેઠકના કારણે ગભરાઈ ગઈ હતી. તેમણે મને એમ પણ કહ્યું કે તેની પીઠ જકડાઈ ગઈ છે અને તેને બીજી કોઈ બીમારી નથી.'

### દિલ્હી બ્લાસ્ટ કેસમાં તપાસ તેજ

# અલ-ફલાહ યુનિવર્સિટીના ૨૦૦ ડોક્ટર-સ્ટાફ રડારમાં, લોકરોની તપાસ શરૂ

## ૧,૦૦૦થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા. ૨૦

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટના કેસની તપાસનો ધમધમાટ હવે ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટી સુધી પહોંચ્યો છે. અહેવાલો અનુસાર, યુનિવર્સિટી સાથે સંકળાયેલા ૨૦૦થી વધુ ડોક્ટરો, લેક્ચરર્સ અને સ્ટાફ સભ્યો હવે તપાસ એજન્સીઓના રડાર પર છે. આ સમગ્ર ઘટનામાં એક વ્હાઈટ-કોલર આતંકી મોડ્યુલના ખુલાસા બાદ એજન્સીઓએ યુનિવર્સિટીના સ્ટાફના લોકરની તપાસ પણ શરૂ કરી દીધી છે. અહેવાલો અનુસાર, તપાસ એજન્સીઓ અલ-ફલાહ યુનિવર્સિટીના ૨૦૦થી વધુ કર્મચારીઓ અને શિક્ષકો પર નજર રાખી રહી છે. આ ઉપરાંત બહાર રહેતા વિદ્યાર્થીઓના હોસ્ટેલ અને રૂમની પણ તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે.એજન્સીઓ એવા લોકોની ઓળખ કરી રહી છે જે દિલ્હી વિસ્ફોટ પછી યુનિવર્સિટી છોડીને ગયા હતા. ઘણાં લોકોએ પોતાના મોબાઈલ ફોનમાંથી ડેટા ડિલિટ કરી દીધો છે, જેની સંપૂર્ણ ફોરેન્સિક તપાસ કરવામાં આવશે. તપાસ એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે યુનિવર્સિટીની અંદર કોઈ હેન્ડલર હતો કે કેમ, કારણ કે આત્મઘાતી બોમ્બર ડૉ. ઉમર ઉન નબીને સંસ્થામાં ખાસ સુવિધાઓ આપવામાં આવી હતી.તપાસ એજન્સીએ નૂહમાં ડો. ઉમર ઉન નબીને રૂમ ભાડે આપનાર ૩૫ વર્ષીય મહિલા (આંગણવાડી કાર્યકર)ની અટકાયત કરી છે. દિલ્હી બોમ્બ વિસ્ફોટ પછી આ મહિલા ફરાર હતી. આ ઘટના બાદ મહિલાના પરિવારની પણ તપાસ ચાલી રહી છે. ઉમર નૂહમાં રહેતો હતો ત્યારે ઘણાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો હતો. નૂહમાં રહેતા અન્ય સાત લોકોની પણ ઉમર સાથેના તેમના સંબંધો હોવા અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.વિસ્ફોટની ઘટના બાદ અલ-ફલાહ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. અગાઉ દૈનિક OPD વિભાગમાં લગભગ ૨૦૦ દર્દીઓ આવતા હતા, પરંતુ હવે તેમાં ૧૦૦થી ઓછા દર્દીઓ જોવા મળી રહ્યા છે.યુનિવર્સિટીમાં એપ્રેન્ટિસશીપ કરી રહેલા બે ડોક્ટરોએ જણાવ્યું હતું કે, આતંકી ઉમર ૨૦૨૩માં લગભગ છ મહિના સુધી હોસ્પિટલ અને યુનિવર્સિટીમાંથી કોઈપણ રજા કે સૂચના વિના ગેરહાજર રહ્યો હતો, પરંતુ પરત ફર્યા પછી પણ તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી.ભારતીય ગુપ્તચર એજન્સીઓની તપાસના તારણો અનુસાર, લાલ કિલ્લા નજીક બ્લાસ્ટ થયેલી કાર પાકિસ્તાન સમર્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા નેટવર્કની યોજનાનો સીધો ભાગ હતી. આ કાવતરાનું સંચાલન જૈશ-એ-મોહમ્મદના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં હ્યુન્ડાઈ i20 કારમાં એમોનિયમ નાઈટ્રેટ આધારિત વિસ્ફોટક ભરવામાં આવ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે આ હુમલાની તૈયારી ૧૦ સભ્યોના એક ગ્રૂપ, જેને ટેરર ડૉક્ટર સેલ કહેવામાં આવે છે, તેના દ્વારા કરવામાં આવી હતી. આ સેલનું સંચાલન કરનાર જમ્મુ-કાશ્મીરના શોપિયાંનો મૌલવી ઈરફાન અહેમદ હતો, જે સીધો જૈશ સાથે સંબંધ ધરાવતો હતો. ઈરફાને અલ-ફલાહ મેડિકલ કૉલેજના ઘણાં ડૉક્ટરને પોતાની સાથે જોડ્યા હતા, આતંકી ઉમર પણ એ જ કૉલેજનો હતો. તપાસ અધિકારીઓ પુષ્ટિ કરે છે કે આ સેલના અન્ય તમામ સભ્યોની ધરપકડ કરવામાં આવી ચૂકી છે.

### મહેસાણા પોલીસ બેડામાં હડકંપ!

# મહેસાણા SPએ એક સાથે ૭૪૭ પોલીસકર્મીની કરી બદલી

## જિલ્લા પોલીસ વડાએ સામૂહિક બદલીનો હુકમ કરી પોલીસબેડામાં ચકચાર મચાવી દીધી છે

મહેસાણા, તા. ૨૦

મહેસાણા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. એક સાથે ૭૪૭ પોલીસકર્મીઓની બદલી કરી દીધી છે. SP હિમાંશુ સોલંકીએ બદલીનો નિર્ણય લીધો છે. મહેસાણામાં એસપી દ્વારા મોટો નિર્ણય લેતાં એક સાથે ૭૪૭ પોલીસકર્મીઓની બદલી કરી દીધી છે. પોલીસ વિભાગમાં એક સાથે આટલી મોટી બદલીને કારણે હડકંપ મચી ગયો છે.

મહેસાણા જિલ્લાના પોલીસ વડા (SP) હિમાંશુ સોલંકીએ એક મોટો નિર્ણય લઈ પોલીસ વિભાગમાં હડકંપ મચાવી દીધો છે. SP એ એક જ આદેશમાં જિલ્લાના કુલ ૭૪૭ પોલીસકર્મીઓની એક સાથે બદલી કરી દીધી છે. મહેસાણા જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં બદલીનો આદેશ લગભગ પ્રથમવાર થયો છે. સામાન્ય રીતે પોલીસ બેડામાં નાના પાયે બદલીઓ થતી હોય છે, પરંતુ આ સામૂહિક બદલી પોલીસ વિભાગમાં પણ ચર્ચાનું કેન્દ્ર બની છે. જિલ્લા પોલીસ વડાએ પોલીસ વહિવટમાં પારદર્શિતા લાવવા, લાંબા સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં થયો જમાવડો અટકાવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનવાવાના ઉદ્દેશ્યથી સામૂહિક બદલીનો આદેશ કર્યો છે. સામૂહિક બદલી કરીને પોલીસ કર્મચારીઓ ફરજ પ્રત્યે જવાબદાર અને સક્રિય બને તે સંદેશો જિલ્લા પોલીસ વડાએ આપી દીધો છે.

જિલ્લા પોલીસ વડા દ્વારા જે સામૂહિક બદલીનો આદેશ કરાયો તેમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, સહિત અન્ય કર્મચારીઓની બદલી થઈ છે. આ બદલીના આદેશમાં લગભગ મહેસાણા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો પણ આવી ગયા છે.

### માથા ફરેલા પ્રેમીને યુવતીએ ભણાવ્યો પાઠ!

# બળજબરીથી ચુંબન કરવા જતા યુવતીએ પ્રેમીની જીભ કાપી નાખી

## યુવક ઘણા દિવસથી યુવતીનો પીછો કરી રહ્યો હતો અને એક દિવસ યુવતીને ખેતરમાં ઘેરીને ચુંબન કરવા લાગ્યો

કાનપુર, તા. ૨૦

કાનપુરમાં એક માથાફરેલ પ્રેમીને યુવતીએ પાઠ ભણાવ્યો છે. ઘટના એમ છે કે, કાનપુરમાં એક યુવક ઘણા દિવસથી એક યુવતીનો પીછો કરી રહ્યો હતો અને એક દિવસ તેણે યુવતીને ખેતરમાં ઘેરીને તેને ચુંબન કરવા લાગ્યો. હવે અચાનક થયેલા આ હુમલાથી ખુદને બચાવવા માટે યુવતીએ યુવકની જીભ કાપી નાખી. હવે યુવતીએ જે પગલું ભર્યું તેની આખા શહેરમાં ચર્ચા થઈ રહી છે. આરોપી યુવક લોહીથી લથપથ હાલતમાં હોસ્પિટલ પહોંચ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

આ ઘટનાનો આરોપી યુવાક ચંપી બિલહૌર ક્ષેત્રના એક ગામનો રહેવાસી છે. તે પરિણીત છે અને તેને બે બાળકો પણ છે. તેમ છતાં તે ઘણા સમયથી ગામની એક યુવતીની પાછળ પડ્યો હતો. યુવતી તેનાથી પરેશાન થઈ ગઈ હતી. યુવતીએ તેને અનેક વાક કહ્યું હતું કે તું મારો પીછો કરવાનું બંધ કરી દે. જોકે, આની ચંપી પર કોઈ અસર ન થઈ. ઉલ્ટી તેની હરકતો વધતી જ ગઈ. ગામલોકોએ પણ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેણે કોઈનું ન સાંભળ્યું. યુવતીના પરિવારે પણ ઘણી વાર વાંધો ઉઠાવ્યો, પરંતુ મામલો ક્યારેય પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો નહીં.

ઘટનાના દિવસે યુવતી બપોરે માટી લેવા માટે ખેતરમાં ગઈ હતી. આસપાસ કોઈ નહોતું, અને ખેતર ગામથી થોડે દૂર હતું. જ્યારે યુવતી માટી ખોદવા માટે ઝૂકી હતી ત્યારે ચોરીછુપે ચંપી ત્યાં આવી પહોંચ્યો. કદાચ તેણે એવું વિચારી લીધું કે, આ તક માટે પરફેક્ટ છે, પરંતુ આ તેની સૌથી મોટી ભૂલ સાબિત થઈ. છોકરી કંઈ સમજે તે પહેલાં જતેણે તેને પાછળથી પકડીને જમીન પર પછાડી દીધી. છોકરીએ ઉભા થવાનો પ્રયાસ કરતા જ તે તેના ચહેરા પર ઝૂકી ગયો અને બળજબરીથી તેને ચુંબન કરવા લાગ્યો. છોકરીએ તેને દૂર ધકેલવાનો પ્રયાસ કર્યો, તેના હાથ-પગ માર્યા, ચીસો પાડવાનો પ્રયાસ કર્યો પરંતુ ખેતર ખાલી હતું અને તે એકલી હતી.

છોકરીનો વિરોધ વધતો જોઈને ચંપી વધુ ઉગ્ર બની ગયો. તેણે પોતાના મોબાઈલ ફોન પર છોકરીની તસવીર ઓપન કરી અને તેના ફોટાને ચુંબન કરવાનું શરૂ કર્યું અને તેના ચહેરા પર હાથ રાખીને વારંવાર તેને ચુંબન કરવાનો પ્રયાસ કરતો રહ્યો. આ એટલું અચાનક બન્યું કે છોકરી ક્ષણભર માટે ગભરાઈ ગઈ, પરંતુ બીજી જ ક્ષણે તેને સમજાયું કે જો મેં તાત્કાલિક કોઈ મોટું પગલું ન ભર્યું તો હું આ પરિસ્થિતિમાંથી નીકળી ન શકીશ. જેવો ચંપી ફરી તેના ચહેરા તરફ ઝૂક્યો ત્યારે યુવતીએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી અને એક જ સેકન્ડમાં યુવકના ચહેરાને પકડીને તેની જીભ કરડી નાખી. તીવ્ર પીડાએ આરોપીને જમીન પર જ પછાડી દીધો. તે ચીસો પાડતો પાછળ હટી ગયો, તેના મોંમાંથી લોહી નીકળવા લાગ્યું. ગભરાયેલી છોકરીએ તરત જ ઘરે ફોન કરીને તેના ભાઈઓને ઘટનાની જાણ કરી. થોડી જ વારમાં બંને પરિવારો ઘટનાસ્થળે પહોંચી ગયા. ચંપીના પરિવારે ત્યાં પહોંચતા જ યુવતીના ભાઈઓ પર યુવકની જીભ કાપી નાખવાનો આરોપ લગાવ્યો. બીજી તરફ યુવતીનો પરિવાર પોતાની દીકરીની હાલત જોઈને ગુસ્સામાં હતો. પરિસ્થિતિ તંગ બની ગઈ અને સંઘર્ષ વધવા લાગ્યો. કંઈ પણ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જ ગામલોકોએ પોલીસને ફોન કરી દીધો. બિલહૌર પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બંને પક્ષોને અલગ કર્યા.

# બિલ અનિશ્ચિતકાળ સુધી રોકી શકાય નહીં : સુપ્રીમ

## બિલ પર કાર્યવાહી કરવા કોર્ટ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ માટે સમયમર્યાદા નક્કી ના કરી શકે

નવી દિલ્હી, તા. ૨૦

સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ મોકલેલા ૧૪ બંધારણીય પ્રશ્નો પર આજે સુનાવણી કરી રહી છે. આ પ્રશ્નો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની વિવિધ બિલ પર નિર્ણય લેવાની સત્તા અને સમયમર્યાદા સાથે સંકળાયેલો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતાં જણાવ્યુંહતુંકે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોને પસાર કરવા મોકલેલા બિલ મુદ્દે ચોક્કસ સમયગાળામાં નિર્ણય લેવો પડશે. આ મુદ્દે રાષ્ટ્રપતિએ બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ચિંતા વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં આ પ્રશ્નો મોકલવામાં આવ્યા છે. જો કે, આ ચુકાદાને પલટાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોએ તમામ રોકી રાખેલા બિલ પર સમયમર્યાદા નક્કી કરવી ન્યાયસંગત નથી, પરંતુ તેમણે સંઘવાદની ભાવનાને મજબૂતાઈ આપવી જોઈએ, નહીં કે તેમાં અવરોધરૂપ બનવું જોઈએ. કોઈ પણ કોર્ટ આ રીતે સમયમર્યાદા નક્કી ના કરી શકે. રાષ્ટ્રપતિના સંદર્ભ પર નિર્ણય સંભળાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'અનુચ્છેદ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ પાસે ફક્ત ત્રણ જ મૂળભૂત વિકલ્પો રહે છેઃ બિલને મંજૂરી આપવી, નામંજૂર કરવું (રોકી રાખવું) અથવા રાષ્ટ્રપતિના વિચારણા માટે સુરક્ષિત રાખવું.' કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમ જોગવાઈને ચોથો વિકલ્પ ગણી શકાય નહીં. જો બે અર્થઘટન શક્ય હોય, તો તે અર્થઘટન સ્વીકારવું જોઈએ જે બંધારણીય સંસ્થાઓ વચ્ચે સંવાદ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે.સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે ભારતીય સંઘવાદની કોઈ પણ વ્યાખ્યા હેઠળ એ સ્વીકાર્ય નથી કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો બિલને પરત મોકલ્યા વિના અનિશ્ચિત સમય માટે રોકી રાખે. તે માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય, પરંતુ રાષ્ટ્રપતિ-રાજ્યપાલો માટે બિલ સુરક્ષિત રાખવું એ પણ સંસ્થાકીય સંવાદનો જ એક ભાગ છે. આમ છતાં, પરંતુ બંધારણીય હોદ્દા પર બિરાજમાન વ્યક્તિઓએ તેમાં અવરોધ ઊભો કરવાના બદલે સંવાદ અને સહકારની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ.કોર્ટે જણાવ્યું કે રાજ્યપાલ કોઈપણ બિલને મંજૂરી આપવાના હેતુથી તેને અનિશ્ચિત સમય સુધી પેન્ડિંગ રાખી શકે નહીં. જોકે, સાથે જ કોર્ટે સ્પષ્ટતા કરી કે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ જેવા બંધારણીય પદાધિકારીઓ માટે નિર્ણય લેવા માટે સમય-મર્યાદા નક્કી કરવી એ સત્તાઓના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન ગણાશે.ચીફ જસ્ટિસ બી. આર. ગવઈની અધ્યક્ષતા હેઠળની બેન્ચે તેના અગાઉના ચુકાદાને રદ કર્યો, જેમાં રાજ્યના બિલ પર ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને ફરજ પાડવામાં આવી હતી. કોર્ટના મતે, બંધારણીય પદાધિકારીઓ પર કડક સમય-નિર્ધારણ લાગુ કરવું એ ન્યાયતંત્રના અધિકાર ક્ષેત્રની બહારની બાબત છે.બંધારણીય બેન્ચે રાજ્યપાલના વિવેકાધીન સત્તાની બંધારણીય સીમાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, બિલને એકતરફી રીતે રોકી રાખવું એ સંઘવાદનું ઉલ્લંઘન ગણાશે. અનુચ્છેદ ૨૦૦માં નક્કી કરાયેલી પ્રક્રિયાનું પાલન કર્યા વિના જો રાજ્યપાલ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલને રોકી રાખે, તો તે સંઘીય માળખાના હિતોની વિરુદ્ધ જશે.

# ટેસ્ટ સિરીઝ વચ્ચે બદલાયો ટીમ ઈન્ડિયાનો કેપ્ટન

## ડાબોડી વિકેટકીપર-બેટ્સમેન પંત કેપ્ટન તરીકે નિયુક્ત

ગુવાહાટી, તા. ૨૦

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝ ચાલી રહી છે. સિરીઝની બીજી મેચ ૨૨ નવેમ્બરથી શરૂ થશે. ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, ભારતીય કેપ્ટન શુભમન ગિલ તેની ગરદનની ઈજામાંથી બહાર આવ્યો નથી. પરિણામે, તે ગુવાહાટીમાં આગામી ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. ડાબોડી વિકેટકીપર-બેટ્સમેન પંત કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે.

કોલકાતામાં પ્રથમ ટેસ્ટ દરમિયાન શુભમન ગિલને ગરદનની ઈજા થઈ હતી. પ્રથમ ઈનિંગમાં માત્ર ત્રણ બોલ રમ્યા બાદ તે રિટાયર્ડ હર્ટ થયો હતો. તે બીજી ઈનિંગમાં બેટિંગ કરી શક્યો નહોતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ગિલ હવે બીજી મેચમાંથી પણ બહાર થઈ ગયો છે. ડોકટરો માને છે કે બીજી ટેસ્ટ રમવાથી જોખમ વધી શકે છે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બીજી ટેસ્ટમાંથી ગિલ બહાર થયા બાદ રિષભ પંત ટીમના કેપ્ટન તરીકે જવાબદારી સંભાળશે. વધુમાં ગિલના સ્થાને સાઈ સુદર્શન અથવા દેવદત્ત પડિકલનો વિચાર કરી શકાય છે. બંને ખેલાડીઓએ ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું છે. ગિલના બહાર થવાથી પડિકલ અથવા સુદર્શન પહેલી પસંદગી હોઈ શકે છે.ભારતીય ટીમ કોલકાતામાં પ્રથમ મેચ ૩૦ રનથી હારી ગઈ. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા ૫૫ ઓવરમાં ૧૫૯ રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમે પ્રથમ ઈનિંગમાં ૬૨.૨ ઓવરમાં ૧૮૯ રન બનાવીને ૩૦ રનની લીડ મેળવી. ત્યારબાદ દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગમાં ૫૪ ઓવરમાં ૧૫૩ રન બનાવ્યા, જેના જવાબમાં ભારતીય ટીમ ૯૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. દક્ષિણ આફ્રિકાએ મેચ ૩૦ રનથી જીતી અને સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી છે.

### વીડિયો વાયરલ થતા મચ્યો હોબાળો

# હરભજન સિંહે પાકિસ્તાની ક્રિકેટર સાથે મિલાવ્યો હાથ

## અબુ ધાબી T10 ટુર્નામેન્ટ દરમિયાન હરભજન સિંહે પાકિસ્તાની ખેલાડી શાહનવાઝ દહાની સાથે હાથ મિલાવ્યો હતો

અબુ ધાબી, તા. ૨૦

હરભજન સિંહે પાકિસ્તાની ક્રિકેટર શાહનવાઝ દહાની સાથે મેચ દરમિયાન હાથ મિલાવ્યા બાદ વિવાદમાં ફસાઈ ગયો છે. આ ઘટના ૧૯ નવેમ્બરના રોજ અબુ ધાબીમાં રમાયેલી T10 મેચ દરમિયાન બની હતી. હરભજન સિંહે પોતે પાકિસ્તાન સાથે ક્રિકેટ સંબંધો ખતમ કરવાની હિમાયત કરી છે, તેથી તેના તાજેતરના વાયરલ વીડિયોએ હંગામો મચાવ્યો છે. એશિયા કપ દરમિયાન ભારતીય ક્રિકેટરોએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં હરભજન સિંહે એમ પણ કહ્યું હતું કે ભારત-પાકિસ્તાન સંબંધો સુધાર્યા વિના ક્રિકેટ રમવી જોઈએ નહીં.પરંતુ મેચ પછી હરભજને જે રીતે શાહનવાઝ દહાની સાથે હાથ મિલાવ્યા તેનાથી તેની કથની અને કરણીમાં તફાવત સ્પષ્ટપણે દેખાય છે. આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

૧૯ નવેમ્બરના રોજ યોજાયેલી મેચમાં હરભજન સિંહે એસ્પિન સ્ટેલિયન્સનું નેતૃત્વ કર્યું હતું, જ્યારે શાહનવાઝ દહાની નોર્ધન વોરિયર્સ તરફથી રમ્યો હતો. વોરિયર્સે મેચ ૪ રનથી જીતી હતી.મેચ પછી હરભજને નોર્ધન વોરિયર્સના બધા ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા અને આ દરમિયાન શાહનવાઝ દહાની પણ આગળ આવ્યો હતો અને તેની સાથે હાથ મિલાવ્યો હતો.

### ભાવનગરમાં અમિત શાહનો હુંકાર

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસના બિહારની જેમ સુપડા સાફ થઈ જશે

## શાહે ભાવનગરમાં ભાજપના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું અને વિશાળ જન સભા યોજી જનતાને સંબોધી હતી

ભાવનગર, તા.૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે દ્વિ-દિવસીય ગુજરાત પ્રવાસે આવ્યા છે. તેમના આ પ્રવાસમાં ભાવનગર, કચ્છ અને મોરબી સહિતના સ્થળોએ અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં તેઓ હાજરી આપવા જઈ રહ્યા છે. ભાજપના સંગઠનને મજબૂત બનાવવાના હેતુથી રાજયના ત્રણ જુદા સ્થળોએ નવા કાર્યાલયોના ઉદ્ઘાટન સાથે તેઓ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે ગુરુવારે સવારે અમિત શાહ ભાવનગર પહોંચ્યા હતા, જ્યાં નારી ચોકડી નજીક ભાવનગર મહાનગરપાલિકાના નવા ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન તેમણે કર્યું છે. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ જ્યોતિષ વિશ્વકર્મા, મંત્રી જીતુભાઈ વાઘાણી સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન બાદ તેમણે કાર્યકર્તા સંમેલનને પણ સંબોધિત કર્યું અને આવતા ચૂંટણી પૂર્વે સંગઠનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.હાલ ભાવનગર મનપા ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન તેઓએ સભા સંબોધતા મંચ પરથી કહ્યું કે, 'કોંગ્રેસના લોકો હાલ ફરવા નીકળી પડ્યા છે, ત્યારે તેઓને એટલું જ કહું છું કે, તમે જરૂરથી ભ્રમણ કરો એટલે તમને તમારી ભૂલો સમજાશે, પરંતુ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બિહારની જેમ જ અહીં પણ તમારા સુપડા સાફ થઈ જવાના છે.'

નોંધનીય છે કે ભાવનગરના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ અમિત શાહ સીધા કચ્છ ભુજ માટે રવાના થશે. તેમના પ્રવાસ મુજબ, ભુજમાં તેઓ રાત્રી રોકાણ કરશે. શુક્રવારની સવારે બીએસએફના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. બીએસએફની કામગીરી, દેશની સુરક્ષા અને સરહદી પ્રશ્નોને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ મહત્વનો ગણાય છે.

બીએસએફ કાર્યક્રમ બાદ અમિત શાહ બપોરે મોરબી માટે રવાના થશે, જ્યાં ભાજપના નવા જિલ્લા કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. મોરબીમાં કાર્યાલયનું ઉદ્ઘાટન રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે અહીં આવનારા સમયમાં ભાજપ સંગઠનને વધુ બળ આપવા માટે પ્રદેશ સ્તરના નેતાઓની ખાસ તૈયારીઓ ચાલી રહી છે. અમિત શાહના આ પ્રવાસને સંગઠનાત્મક દૃષ્ટિએ ખૂબ ગંભીર માનવામાં આવે છે. ત્રણેય શહેરોમાં ઉજવાતા કાર્યક્રમો એક તરફ ભાજપની આંતરિક વ્યવસ્થા મજબૂત બનાવશે, તો બીજી તરફ કાર્યકર્તાઓમાં ઉત્સાહ અને ઊર્જા વધારશે. ખાસ કરીને કચ્છ અને મોરબી જેવા વિસ્તારોમાં તેમની હાજરી, આવનારા રાજકીય સમયગાળામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી સંદર્ભે ભાજપના પ્રભાવને વધુ ઊંડો બનાવશે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

### માછલી ઉત્પાદનમાં ગુજરાત બીજા ક્રમે

# દરિયાકાંઠો બન્યો રાજયની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર

## ગુજરાતમાં ભારતનો સૌથી લાંબો દરિયા કિનારો આવેલો છે : ગુજરાતમાં આશરે ૧૬૦૦ કિમીનો દરિયા કિનારો છે

ગાંધીનગર, તા.૨૦

દર વર્ષે ૨૧ નવેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત જેવા વિશાળ દરિયાઈ સીમા ધરાવતા દેશ માટે આ દિવસનું વિશેષ મહત્વ છે, અને તેમાંય જ્યારે વાત ગુજરાતની હોય, ત્યારે આ ઉજવણી વધુ ગૌરવપૂર્ણ બની જાય છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી ગુજરાતને ભારતના મત્સ્ય ઉદ્યોગનું પાવરહાઉસ માનવામાં આવે છે. મત્સ્ય ઉત્પાદનના ક્ષેત્રે ગુજરાત આજે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે, જ્યારે કુલ માછલી ઉત્પાદનમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે.

આટલું જ નહીં, ગુજરાતની ફ્રોઝન શ્રિમ્પ (ઝીંગા), રિબન ફિશ, કટલ ફિશ અને સ્ક્વિડની માંગ ચીન, યુરોપ, અમેરિકા અને જાપાન જેવા દેશોમાં પુષ્કળ છે. જેથી રાજ્યના મત્સ્ય ઉદ્યોગે વિદેશી હૂંડિયામણ કમાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પરિણામે, ગુજરાતનો દરિયાકાંઠો આજે રાજ્યની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર બન્યો છે.

તાજેતરના આંકડાઓ મુજબ, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭.૬૪ લાખ મેટ્રિક ટન અને અંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨.૭૮ લાખ મેટ્રિક ટન મળીને ગુજરાતમાં કુલ ૧૦.૪૨ લાખ મેટ્રિક ટનથી પણ વધુ મત્સ્ય ઉત્પાદન નોંધાયું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વધીને ૧૧ લાખ મેટ્રિક ટનથી વધુ થવાનો પ્રાથમિક અંદાજ છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વાર્ષિક સરેરાશ ૯.૩૦ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું છે, જે રાજ્યની જળસંપત્તિની તાકાત દર્શાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે દરિયાકાંઠાના વિકાસને વેગ આપવા અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રની ક્ષમતાને ઓળખીને બ્લૂ ઈકોનોમીની ભારપૂર્વક હિમાયત કરી હતી. ગુજરાતમાં તેમણે નાખેલો મત્સ્યોદ્યોગનો મજબૂત પાયો આજે રાજ્યના વિકાસને ગતિ આપી રહ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાતના દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં ઘણા અસરકારક પગલાં લીધાં છે. જેમાં ડીઝલ પર વેટમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલ પર સબસિડી, ઝીંગા ઉછેર માટે જમીનની ફાળવણી, માર્ગ અને વીજળીના માળખાનો વિકાસ તથા નાના માછીમારો માટે સુધારેલી બંદર સુવિધાઓનો સમાવેશ થાય છે. વધુમાં, માધવડ, નવા બંદર, વેરાવળ-૨ અને સૂત્રપાડા ખાતે ચાર નવા માછીમારી બંદરો પણ વિકસાવવામાં આવી રહ્યા છે.

મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે, સાગરખેડૂઓના ઉત્કર્ષ માટે ગુજરાત સરકાર માત્ર ઉત્પાદન વધારવા પર જ નહીં, પરંતુ માછીમારોના જીવનધોરણને સુધારવા માટે પણ સતત કાર્ય કરી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસોથી ગુજરાતમાં 'બ્લૂ ક્રાંતિ' સાકાર થઈ રહી છે. ગુજરાતની બ્લૂ ઈકોનોમી માત્ર રાજ્ય માટે જ નહીં, પણ આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટેનું પણ એક મજબૂત એન્જિન બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે પણ માછીમારી સમુદાયોના સામાજિક-આર્થિક કલ્યાણને સુનિશ્ચિત કરવા તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આધુનિકીકરણ, ટ્રેસેબિલિટીમાં સુધારો અને મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન પ્રણાલીનું નિર્માણ કરવા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ સુધીમાં રૂ. ૮૯૭.૫૪ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે પણ ગુજરાતને રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે રાજયમાં મત્સ્યઉદ્યોગની પ્રવૃત્તિઓને નોંધપાત્ર વેગ આપશે.

# ભીંગરાડ ખાતે ૭૨માં સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમીનાર યોજાયો






અમરેલી, તા. ૨૦

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને ગુજરાત રાજય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લામાં તારીખ ૧૪/૧૧/૨૦૨૫ થી ૨૦/૧૧/૨૦૨૫ સુધી ચાલનાર ૭૨ મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત અમરેલી જીલ્લા સહકારી સંઘ અને ભીંગરાડ સેવા સહકારી મંડળીના સંયુકત ઉપક્રમે અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં ભીંગરાડ ખાતે તારીખ ૧૮/૧૧/૨૦૨૫ સહકાર સપ્તાહના પાંચમાં દિવસે ' સહકારી ઉદ્યોગ સાહસિકતા દ્વારા યુવાનો, મહિલાઓ અને નબળા ક્ષેત્રો જેવા કે, હસ્તકલા, હાથવણાટ, શ્રમ, મત્સ્યોદ્યોગને સશકત બનાવવા' પર સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના, અમરેલી જીલ્લા સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, યુવા સમિતિના ડાયરેક્ટર રવિભાઈ પંડ્યા, ભીંગરાડ સેવા સહકારી મંડળી લી.ના અધ્યક્ષ ચતુરભાઈ ભાદાણી, સહકારી અગ્રણીઓ અને સભાસદ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનો દ્વારા વિષયને અનુરૂપ ઉદ્બોધન કરવામાં આવ્યું હતું અને અધ્યક્ષ સ્થાનેથી યુવા નેતા મનીષભાઈ સંઘાણી દ્વારા ' સહકારી ઉદ્યોગ સાહસિકતા દ્વારા યુવાનો, મહિલાઓ અને નબળા ક્ષેત્રો જેવા કે, હસ્તકલા, હાથવણાટ, શ્રમ, મત્સ્યોદ્યોગને સશકત બનાવવા' બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી. તદુપરાંત જીલ્લા સંઘની કામગીરી અને પ્રશિક્ષણ બાબતે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી.

### ઈન્દોરથી આવેલી મહિલા ડ્રાઈવર

# ગુજરાતમાં સુરતની પ્રથમ BRTS બસ મહિલા ચલાવશે

## મહિલા ડ્રાઈવરની શોધ ગત ૨૦ મહિનાથી કરવામાં આવી રહી હતી

સુરત,તા.૨૦

સુરતમાં આજથી મહિલાઓ માટે ખાસ પિંક બસ દોડાવવામાં આવશે. ગુજરાતમાં સુરતની પ્રથમ BRTS બસ મહિલા ચલાવશે. મહિલા ડ્રાઈવરની શોધ ગત ૨૦ મહિનાથી કરવામાં આવી રહી હતી. જે બાદ આ મહિલા ડ્રાઈવર મળ્યા છે. ONGC કોલોનીથી સરથાણા નેચરપાર્ક સુધી આ પિંક બસ સેવા શરૂ કરવામાં આવી છે.

પિંક બસના ડ્રાઈવરને ઈન્દોરથી ખાસ બોલાવવામાં આવ્યા છે. ઈન્દોરના નિશા શર્મા ગુજરાતના પહેલા મહિલા બસ ડ્રાઈવર બન્યા છે. નિશા શર્મા ઈન્દોરમાં ૪ વર્ષથી BRTS બસ ચલાવી રહ્યા છે. નિશા શર્માને જોઈ સુરતની મહિલાઓને પ્રેરણા મળશે. પિંક બસ માત્ર મહિલાઓ માટે શરૂ કરવામાં આવી છે, જેને મહિલા ડ્રાઈવર જ ચલાવશે.

### ‘BvS10’ ઓલ-ટેરેન વાહનોનો ઓર્ડર સરકારે આપ્યો

# ભારતીય સેના માટે ગુજરાતમાં તૈયાર થશે નવા યુદ્ધ વાહન

## લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા યુદ્ધ વાહનોનું નિર્માણ કરાશે

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય સેનાની લડાઈ ક્ષમતામાં વધારો કરે એવું નવું અને શક્તિશાળી વાહન ઉમેરાઈ રહ્યું છે. પર્વતો, બર્ફસ્તાન, જંગલો અને અત્યંત ખરાબ ભૂપૃષ્ઠ પર પણ સહેલાઈથી ચાલી શકે એવા ૧૮ નંગ ‘BvS10’ ઓલ-ટેરેન વાહનોનો ઓર્ડર ભારત સરકારે આપ્યો છે.

આ વાહનો બ્રિટિશ સંરક્ષણ દિગ્ગજ BAE સિસ્ટમ્સની ડિઝાઈન પર આધારિત હશે અને ભારતમાં જ લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપની દ્વારા નિર્માણ કરવામાં આવશે. આ ડીલ ભારતના 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ મજબૂત બનાવે છે.

લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપનીએ જાહેરાત કરી હતી કે તેને રક્ષણ મંત્રાલય તરફથી ૧૮ નંગ ઓલ-ટેરેન ‘BvS10’ વાહનોના કોન્ટ્રાક્ટની પ્રાપ્તિ થઈ છે. મ્છઈ સિસ્ટમ્સની ટેકનોલોજી ટ્રાન્સફર દ્વારા આ વાહનો ભારતમાં જ બનાવશે. ગુજરાતમાં સુરતની નજીક આવેલા હજીરા ખાતે આ વાહનોનું નિર્માણ કરાશે. ભારતીય સંસ્કરણના આ વાહનને 'સિંધુ' નામ આપવામાં આવ્યું છે. આ ડીલ ટેકનોલોજી ટ્રાન્સફર અને ટેકનિકલ સપોર્ટનું પ્રતીક છે, જે ભારતના સંરક્ષણ કાફલાને વધુ મજબૂત બનાવે છે. આ ડીલની કુલ કિંમત હજુ સાર્વજનિક થઈ નથી.

BvS-10 વાહનોની ખાસિયત એ છે કે એ સમુદ્ર સપાટીથી ૧૮,૦૦૦ ફૂટ જેટલી ઊંચાઈના પર્વતીય પ્રદેશોમાં પણ સફળતાપૂર્વક કામ કરી શકે છે. પથરાળ જમીન, કાંટાળા જંગલો, કાદવવાળા વિસ્તારો અને રણ પ્રદેશમાં પણ આ વાહનોને ચાલવામાં કોઈ મુશ્કેલી આવતી નથી. નદી-નાળાં પણ આસાનીથી પાર કરી લે છે. અનેક પ્રકારના આકરા પ્રદેશમાં, દરેક ઋતુમાં કાર્યક્ષમ હોવાથી આ મ્દૃજી૧૦ વાહનો ઑસ્ટ્રિયા, ફ્રાન્સ, નેધરલેન્ડ્સ, સ્વીડન, યુક્રેન અને યુનાઈટેડ કિંગડમ જેવા ઘણા દેશો દ્વારા પર વપરાઈ રહ્યા છે.

BvS10 'સિંધુ'ના કોન્ટ્રાક્ટમાં વાહનોના નિર્માણ, જાળવણી અને સંપૂર્ણ લોજિસ્ટિક સપોર્ટ પેકેજ સામેલ છે. તમામ ૧૮ વાહનો સૈનિકોને લઈ જઈ શકાય એ પ્રકારના (ટ્રૂપ-કેરીઈંગ) હશે. આ વાહનો મોડ્યુલર ડિઝાઈનના છે, જેનો અર્થ છે કે સેનાની જરૂરિયાત અને મિશન અનુસાર તેમનું રૂપાંતરણ કરી શકાય છે. L&Tના જણાવ્યા મુજબ, સૈનિકોને લઈ જવા ઉપરાંત આ વાહનોનો ઉપયોગ કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર, એમ્બ્યુલન્સ સેવા, અન્ય સૈન્ય વાહનોની મરામત, લોજિસ્ટિક સપોર્ટ અને સિચ્યુએશનલ અવેરનેસ (પરિસ્થિતિની જાણકારી) માટે પણ થઈ શકશે.

BvS-10 વાહનોનું નિર્માણ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન અંતર્ગત થવાનું હોવાથી L&T ૬૦ ટકાથી વધુ સ્થાનિક ઘટકોનો ઉપયોગ કરશે. આ ડીલ ભારતની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓમાં વધારો કરશે અને સાથોસાથ 'આત્મનિર્ભર ભારત'ના નારાને પણ વધુ મજબૂત અને વિશ્વસનીય બનાવશે.

### વિવિધ પ્રોજેક્ટો અંગે ચર્ચાઓ કરાશે

# પશ્ચિમ રેલવેના અધિકારીઓ અમદાવાદ અને વડોદરાના સાંસદો સાથે બેઠક કરશે

## પુનર્વિકાસ સ્ટેશનો અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવી રહેલા ૧૬ અન્ય સ્ટેશનોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે

અમદાવાદ,તા.૨૦

પશ્ચિમ રેલવે દ્વારા જનપ્રતિનિધિઓ સાથે સંકલન અને સંવાદને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ ૨૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ અને વડોદરા મંડળના અધિકારક્ષેત્ર હેઠળ આવતા સાંસદો સાથે મહાપ્રબંધક પશ્ચિમ રેલવેના વિવેક કુમાર ગુપ્તાની એક બેઠકનું આયોજન અમદાવાદના સ્થિત સર્કિટ હાઉસ ખાતે યોજવામાં આવી રહ્યું છે.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય બંને મંડળોમાં ચાલી રહેલા મુસાફરોની સુવિધાના અપગ્રેડેશન, અને પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સ, ઈન્ફ્રાસ્ટ્રચર વિકાસ અને જનપ્રતિનિધિઓના સૂચનો પર અર્થપૂર્ણ સંવાદ સ્થાપિત કરવાનો છે.

આ બેઠકમાં અમદાવાદ અને વડોદરા મંડળોમાં પ્રગતિ પર ચાલી રહેલી વિવિધ નવી મુસાફરી સુવિધાઓ અને વિકાસલક્ષી સિદ્ધિઓ વિશે વિગતવાર માહિતી શેર કરવામાં આવશે.આ દરમિયાન પ્રેઝેન્ટેશન ના માધ્યમથી અમદાવાદ મંડળ પર દિવાળી અને છઠ પૂજાના દરમિયાન હાથ ધરવામાં આવેલા ઉત્તમ ભીડ વ્યવસ્થાપન પ્રયાસો અને મંડળ પર ચાલી રહેલા વિવિધ રેલ પ્રોજેક્ટ્સ જેમ કે નવી રેલ લાઈન, નવી ટ્રેન સેવાઓ, મુખ્ય પુનર્વિકાસ સ્ટેશનો અને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકાસ કરવામાં આવી રહેલા ૧૬ અન્ય સ્ટેશનોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે. રેલ સુવિધાઓ, પ્રોજેક્ટ્સ, નવા ટ્રેન સ્ટોપેજ, ટ્રેન વિસ્તાર, ફેરા વધારવા અને અન્ય માળખાગત જરૂરિયાતોને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે અને જનપ્રતિનિધિઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવશે.આ પહેલ જનપ્રતિનિધિઓ સાથે ભાગીદારી અને સહયોગ વધારીને રેલ સુવિધાઓના અપગ્રેડેશન, મુસાફરોની સુવિધાઓના વિસ્તરણ અને પ્રાદેશિક વિકાસને નવી ગતિ આપશે.

### કુટુંબ રજિસ્ટર માન્ય દસ્તાવેજ પણ લાવવું ક્યાંથી?

# ચૂંટણી પંચના ગતકડાંથી મતદારો હવે ગોથે ચડ્યાં

## કામગીરીમાં વિલંબ અને અન્ય ફરિયાદો જોવા મળી રહી છે

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં હાલમાં મતદાર યાદી સુધારણા અભિયાન (SIR) પૂરજોશમાં ચાલી રહ્યું છે, પરંતુ ચૂંટણી પંચની કેટલીક નવી માર્ગદર્શિકાઓને કારણે મતદારો અને રાજકીય પક્ષોમાં મૂંઝવણ અને રોષ જોવા મળી રહ્યો છે. સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે મતદારે પોતે ભારતીય નાગરિક હોવાનું પુરવાર કરવા માટે માતા-પિતા, દાદા-દાદીના નામ સાથેની વિગતો આપવી પડશે, જેના પુરાવા તરીકે કુટુંબ રજિસ્ટરને માન્ય દસ્તાવેજ ગણવામાં આવ્યું છે.

ચૂંટણી આયોગે માન્ય દસ્તાવેજોની જે યાદી તૈયાર કરી છે, તેમાં કુટુંબ રજિસ્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ આ મુદ્દે સવાલ ઊભા થયા છે.

ગુજરાતમાં પેઢીનામું તો દસ્તાવેજ તરીકે અમલમાં છે, પરંતુ કુટુંબ રજિસ્ટર કોઈ સરકારી વિભાગ દ્વારા નિભાવવામાં આવતું નથી. આ સંજોગોમાં મતદારો મૂંઝવણમાં મૂકાયા છે કે માન્ય દસ્તાવેજ તરીકે કુટુંબ રજિસ્ટર લાવવું ક્યાંથી. રાજ્ય ચૂંટણી પંચ કુટુંબ રજિસ્ટરની વ્યાખ્યા સ્પષ્ટ કરે અને પેઢીનામાને માન્ય દસ્તાવેજ તરીકે ગણવામાં આવે તેવી માંગણીઓ ઊઠી છે.

મતદાર યાદી સુધારણાની કામગીરીમાં વિલંબ અને અન્ય ટેકનિકલ સમસ્યાઓ પણ સામે આવી છે. ઘણાં વિસ્તારોમાં હજુ સુધી બૂથ લેવલ ઓફિસર (BLO) ફોર્મ વહેંચી શક્યા નથી, જેથી મતદારો ફરિયાદ કરી રહ્યા છે કે તેમને ફોર્મ મળ્યા નથી. મતદારોને ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ શોધવાને લઈને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આખરી મતદાર યાદી પ્રસિદ્ધ થશે ત્યારે પ્રત્યેક વિધાનસભા બેઠકમાં મતદારોની સંખ્યામાં મોટો ઉલટફેર જોવા મળશે, જેને કારણે રાજકીય પક્ષો અને ધારાસભ્યો પણ આ કામગીરીમાં સક્રિય થયા છે.

### જ્યારે નશામાં ધૂત થયા મહાનાયક!

# સેટ પર કર્યો એવો ડ્રામા કે સુપરહિટ બની ગયું ગીત

## નમક હલાલ ફિલ્મનું ગીત જેને આજે પણ લોકો સાંભળવાનું પસંદ કરે છે


મુંબઈ, તા.૨૦

અમિતાભ બચ્ચનને તેમના અભિનયને કારણે હિંદી સિનેમાના મહાનયક કહેવામાં આવે છે. તે દરેક પાત્રને એટલી સરળતાથી અને શક્તિશાળી ઉર્જાથી ભરી દે છે કે તે સ્ક્રીન પર ભજવે છે તે દરેક દ્રશ્ય વાસ્તવિક લાગે છે. તેણે પોતાની કારકિર્દી દરમિયાન અસંખ્ય હિટ ફિલ્મો આપી, જેમાં ૧૯૮૨ માં રિલીઝ થયેલી બ્લોકબસ્ટર ફિલ્મ નમક હલાલનો પણ સમાવેશ થાય છે.

આ ફિલ્મને માત્ર મોટી સફળતા મળી જ નહીં, પરંતુ તેના ઘણા ગીતો આજે પણ લોકોના પ્લેલિસ્ટમાં છે. આમાંનું એક ગીત છે "થોડી સી જો પી લી હૈ."

અમિતાભ બચ્ચને આ ગીત દ્વારા સાબિત કરી દીધું કે કોમિક ટાઈમિંગ અને એક્સપ્રેશનની વાત હોય તો તેમનાથી અવ્વલ કોઈ નથી. તેમણે આ ગીતમાં દારૂ પીધેલા એક દારૂડિયાની એક્ટિંગ કરી હતી. આ સુપરહિટ ગીત આજે પણ તે વાતનો પુરાવો છે કે એક શાનદાર પરફોર્મન્સ કઈ રીતે સાધારણ સીનને આઈકોનિક બનાવી શકે છે, થોડી સી જો પી લી હૈ, આજે પણ દારૂના શોખીનો માટે ફેવરિટ ગીત છે.

આ ગીતને મહાન સિંગર કિશોર કુમારે પોતાનો અવાજ આપ્યો હતો અને તેમની અનોખી વોકલ સ્ટાઈલે



ગીતને વધુ યાદગાર બનાવી દીધું. આ ગીતમાં મ્યૂઝિક બપ્પી લહેરીનું હતું. જેમણે એવી ધૂન આપી કે ગીત રિલીઝ થવાની સાથે બ્લોકબસ્ટર બની ગયું હતું.

બપ્પી દાનું બીટ્સ, કિશોર દાનો અવાજ અને અમિતાભ બચ્ચનના ધાંસૂ પરફોર્મન્સે આ ગીતને સુપરહિટ બનાવી દીધું. આજે પણ પાર્ટીઓમાં આ ગીત વગાડવામાં આવે છે અને લોકો તેના પર ડાન્સ કરવાનું પસંદ કરે છે. સદીના મહાનાયક અમિતાભ બચ્ચન પોતાની દમદાર એક્ટિંગ માટે જાણીતા છે. તેમણે પોતાના કરિયરમાં ઘણી એવી હિટ ફિલ્મો આપી છે, જેને આજે પણ દર્શકો યાદ કરે છે.બિગ બીના સુગરહિટ ગીતોમાંથી એક છે નમક હલાલ ફિલ્મનું આઈકોનિક ગીત જેને આજે પણ લોકો સાંભળવાનું પસંદ કરે છે.

# CBSEએ જાહેર કરી ધો. ૧૦ બોર્ડની પરીક્ષાની માર્કિંગ ગાઈડલાઈન

## બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઘણી શાળાઓ ગુણ અપલોડ કરતી વખતે ઉતાવળ અથવા બેદરકાર હોય છે, જેના કારણે ભૂલો થાય છે

નવી દિલ્હી, તા.૨૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ આગામી ૨૦૨૬ ધોરણ ૧૦ની બોર્ડ પરીક્ષાઓ માટે એક મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. આ નોટિસમાં વિવિધ વિષયો માટે થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને ઈન્ટરનલ એસેસમેન્ટ (IA) ના ગુણની સંપૂર્ણ પેટર્ન સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે. આ સૂચના નવા સત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી છે, કારણ કે તે હવે સ્પષ્ટ કરે છે કે દરેક વિષયમાં ૧૦૦ ગુણ કેવી રીતે વિભાજિત કરવામાં આવશે અને દરેક વિભાગ માટે કેટલું ધ્યાન આપવાની જરૂર છે.

CBSE અનુસાર, દર વર્ષે ઘણી શાળાઓ પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અથવા ઈન્ટરનલ એસેસમેન્ટ માર્ક્સ અપલોડ કરતી વખતે ભૂલો કરે છે. આ ભૂલો વિદ્યાર્થીઓની અંતિમ માર્કશીટને અસર કરે છે અને વિદ્યાર્થીઓ પછીથી સુધારાની વિનંતી કરે છે. આ વખતે બોર્ડે શરૂઆતથી જ સ્પષ્ટ નિયમો જાહેર કર્યા છે, શાળાઓને કોઈપણ ભૂલો ટાળવા ચેતવણી આપી છે, કારણ કે તેઓ પછીથી સુધારા કરી શકશે નહીં.

બોર્ડે શાળાઓને આ સૂચના કાળજીપૂર્વક વાંચવા અને બધી સૂચનાઓનું કડક પાલન કરવા વિનંતી કરી છે. દરેક વિષયની યાદી પણ બહાર પાડવામાં આવી છે, જેમાં થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને ઈન્ટરનલ એસેસમેન્ટ માટે વ્યક્તિગત માર્ક્સનો સમાવેશ થાય છે.

નોટિસ મુજબ, બધા વિષયો માટેના ૧૦૦ ગુણને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે: થિયરી, પ્રેક્ટિકલ, પ્રોજેક્ટ અને આંતરિક મૂલ્યાંકન. દરેક વિષય માટે દરેક વિભાગનું અલગ અલગ હોય છે, અને આ એક વિગત છે જે બોર્ડે આ વખતે ખાસ પ્રકાશિત કરી છે જેથી વિદ્યાર્થીઓ તે મુજબ તેમની તૈયારીનું આયોજન કરી શકે.

આ માહિતી વિદ્યાર્થીઓ માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે જો પ્રેક્ટિકલમાં કોઈ વિષયમાં વધુ વેઈટેજ હોય તો તૈયારી પદ્ધતિ બદલાય છે. નકશા કાર્ય, પ્રયોગશાળા કાર્ય, મોડેલો, મૌખિક પરીક્ષાઓ અને પ્રવૃત્તિઓના આધારે ગુણનું મહત્વ પણ વધે છે.

બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ઘણી શાળાઓ ગુણ અપલોડ કરતી વખતે ઉતાવળ અથવા બેદરકાર હોય છે, જેના કારણે ભૂલો થાય છે. આ વખતે બોર્ડે પહેલાથી જ શાળાઓને કોઈપણ ભૂલો ટાળવા માટે સૂચનાઓ જાહેર કરી છે, કારણ કે પછીથી ગુણ સુધારવાનો કોઈ વિકલ્પ રહેશે નહીં. બોર્ડ એમ પણ જણાવે છે કે આ યાદીમાં દરેક વિષય માટે બાહ્ય પરીક્ષકની નિમણૂક કરવામાં આવશે કે નહીં તે સ્પષ્ટ કરવામાં આવશે. કેટલાક વિષયો માટે પ્રેક્ટિકલ બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવેલી ઉત્તરપત્રોનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવશે, જ્યારે અન્ય માટે, શાળાઓ પોતાની નકલોનો ઉપયોગ કરશે.

ઘણી વખત વિદ્યાર્થીઓ ફક્ત થિયરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને આંતરિક મૂલ્યાંકનના ગુણને ઓછો અંદાજ આપે છે. જો કે, ઘણા વિષયોમાં છે માં ૨૦ થી ૩૦ ગુણ હોય છે, જે અંતિમ પરિણામ પર નોંધપાત્ર અસર કરે છે. વધુમાં પ્રોજેક્ટ વર્ક અને પ્રેક્ટિકલ પણ એકંદર સ્કોરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જો વિદ્યાર્થીઓને અગાઉથી ખબર હોય કે દરેક વિષયને કેટલું વેઈટેજ આપવામાં આવે છે તો તેઓ તેમની તૈયારીને સંતુલિત કરી શકે છે અને આખા વર્ષ દરમિયાન સારા માર્ક્સ માટે યોજના બનાવી શકે છે.

ગુણ વિતરણની સાથે ઝમ્જીઈ એ વર્ષ ૨૦૨૫-૨૬ માટે સંપૂર્ણ અભ્યાસક્રમ પણ બહાર પાડ્યો છે. આ અભ્યાસક્રમ ૧૦મા બોર્ડ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી માટેનો આધાર બનાવે છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા સેમ્પલ પેપર પણ હવે ઉપલબ્ધ છે, જેમાં ફક્ત પ્રશ્નોના સ્તર જ નહીં પરંતુ માર્કિંગ સ્કીમનું પણ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ આ મોડેલ પેપર્સ ઉકેલીને તેમની તૈયારીનું મૂલ્યાંકન કરી શકે છે. આ સત્રમાં અભ્યાસક્રમ અને નમૂના પેપર બંને અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તે બોર્ડ પરીક્ષાના પ્રશ્નોનો આધાર બનશે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે અમરેલી જિલ્લા ભારત સંઘના વિદ્યાર્થી સ્કાઉટ, ગાઈડ તથા રેંજરની રાજ્ય પુરસ્કારની પરીક્ષા યોજાઈ










યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પ.પૂ.સંત ડો.રતિદાદાના આશીર્વાદથી અમરેલી જિલ્લા ભારત સંઘના વિદ્યાર્થી સ્કાઉટ, ગાઈડ તથા રેંજરની રાજય પુરસ્કારની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુપેન્દ્રભાઈ બસિયા (મુખ્ય કમિશનર), ભીખાભાઈ સિદ્ધપરા (રાજય આયોજક કમિશનર), ભરતસિંહ પરમાર (રાજકોટ સ્કાઉટ ગાઈડ સંઘ), દીપાબેન ગોહિલ, નુતનબેન માલવિયા, સંજયભાઈ વગેરે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો શુભારંભ ઉપસ્થિત મહેમાનોના સ્વાગત, દીપ પ્રાગટ્ય તથા સન્માન સાથે શરૂ કરવામાં આવ્યો. ભારત ભૂષણ મહેશભાઈ મહેતાએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પૂરૂ પાડનાર ભુપેન્દ્રભાઈ બસિયાએ પોતાના વકતવ્યમાં સ્કાઉડ, ગાઈડની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વાત કરી. સિધ્ધપરાએ પરીક્ષા પદ્ધતિ, વિષયની વિસ્તૃત જાણકારી ઉપસ્થિત વિવિધ તાલુકામાંથી આવેલ બાળકો તેમજ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને હરિબા મહિલા કોલેજના વિદ્યાર્થી ભાઈઓ બહેનોને આપી હતી. સમગ્ર પરીક્ષા ત્રણ વિભાગમાં લેવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષાની સાથે સાથે પ્રવેશના અભ્યાસક્રમ મુજબ પ્રાર્થના, ઝંડા ગીત, નિયમ, પ્રતિજ્ઞા ડાબો હાથ મિલાવવો વગેરે મૌખિક પરીક્ષામાં પૂછવામાં આવ્યું હતું. જયારે પ્રાયોગિક પરીક્ષામાં બધા સોપાનની ગાંઠો, નાડણ, પ્રાથમિક સારવારના પાટા, સ્ટ્રેચર, શેલ્ટર બનાવવું જેવી બાબતો પૂછવામાં આવી. ટેસ્ટિંગ કેમ્પનું સંપૂર્ણ આયોજન ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે રેંજર લીડર અને ડાયરેક્ટર શીતલબેન મહેતા અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના સહયોગથી કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બેઠક વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા માટે ડાયરેક્ટર શીતલબેન મહેતા સહીત સ્ટાફગણે ભારે જેહમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બિયર લઈ જતી કારને ઝડપી લેવાઈ

તથા એક કાર નંબર જી.જે.–૩૩ એફ–૯૯૩૬ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તથા એક મારૂતિ સ્વીફટ કાર નંબર જી.જે.–૩૩ એફ–૪૦૦૦ કિંમત રૂપિયા ૩,૫૦,૦૦૦, મોબાઈલ ફોન નંગ–૪ કિંમત રૂપિયા ૬૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૨,૫૩,૦૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી તથા બિયરનો જથ્થો તથા વાહન સહિતનો મુદ્દામાલ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. જયારે આ બનવાનાં પકડવાના બાકી આરોપી લાલભાઈ બાબભાઈ ખાચર, (રહે. કારીયાણી) તથા ધર્મરાજ ઉર્ફે ધમો હરેશભાઈ બાબરીયા, (રહે. બગસરા) વાળાની શોધખોળ આદરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ૭૯ શિક્ષકોને અપાય નિમણૂંક

તમામ નિમણૂંક પામનાર વિદ્યા સહાયકોને શુભકામનાઓ પાઠવવામાં આવી અને સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ રાજેશભાઈ એન. પાનસુરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આજનાં કેમ્પમાં અમરેલી જિલ્લા સહિત અનેક અન્ય જિલ્લામાંથી શિક્ષકો બનવા માટેના ઉમેદવારો વાલીઓ સાથે ઉપસ્થિત રહયાં હતાં. ત્યારે કોઈપણ ઉમેદવારોને કોઈ તકલીફ ના પડે તે માટે થઈ સમગ્ર પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ અને શિક્ષણ શાખા જિલ્લા પંચાયત અમરેલીનાં તમામ સ્ટાફે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી અને ઝડપભેર ઉમેદવારો પોતાની મનપસંદ સ્કૂલ નક્કી કરી શકે તે માટે ઉમેદવારોનાં વાલીઓની પણ મદદ લેવા માટે સહમતિ આપતાં ઉમેદવારો અને વાલીઓએ પારદર્શક રીતે સ્થળ પસંદગી કરી શકયા હતાં.

આ સ્થળ પસંદગી કાર્ય પુરૂ થતાંજ તમામ શિક્ષકોને નિમણુંક પત્ર પણ એનાયત કરવામાં આવતાં આજે અમરેલી જિલ્લામાં નવા ૭૯ ગણિત– વિજ્ઞાનના શિક્ષકો બન્યાં હતાં. જેઓ સંભવિત તા. ૨૧ થી સાત દિવસમાં મનપસંદ સ્કૂલમાં કાર્યભાર સંભાળી અને ભારતનાં ભાવી એવાં વિદ્યાર્થીનું ભાવિ ઘડશે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૭ | ૧૪૬૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૫૬ | ૧૧૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૨૫ | ૧૦૦૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૭૨ | ૧૨૯૯ |
| ૪ | શિંગ મોટી | ૭૦૦ | ૧૩૮૭ |
| ૫ | શિંગદાણા | ૮૪૫ | ૧૨૫૯ |
| ૬ | તલ સફેદ | ૧૨૯૦ | ૩૧૩૫ |
| ૭ | તલ કાળા | ૨૫૦૦ | ૫૪૫૦ |
| ૮ | બાજરો | ૨૯૦ | ૩૨૦ |
| ૯ | જુવાર | ૬૫૨ | ૯૬૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૯૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૭૮ |
| ૧૨ | અડદ | ૯૮૦ | ૧૨૦૪ |
| ૧૩ | ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૧૪ | સફેદ ચણા | ૮૩૦ | ૧૧૧૨ |
| ૧૫ | છોલે ચણા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૧૬ | તુવેર | ૮૧૦ | ૧૨૯૫ |
| ૧૭ | કપાસ | ૭૦૦ | ૧૫૩૮ |
| ૧૮ | એરંડા | ૧૦૨૯ | ૧૨૯૬ |
| ૧૯ | જીરૂ | ૩૦૦૦ | ૪૦૨૫ |
| ૨૦ | ધાણા | ૧૨૦૦ | ૧૫૬૬ |
| ૨૧ | મેથી | ૧૦૨૦ | ૧૧૨૨ |
| ૨૨ | સોયાબીન | ૭૦૬ | ૯૧૭ |
| ૨૩ | રજકાનું બી | ૭૦૦૦ | ૭૧૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરામાં માત્ર ૫૦૦ ખેડૂતો પાસેથી

૧૫૦૦૦ થી વધુ ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ૮૦૦ ખેડૂતોને બોલાવ્યા જેમાં આજ દિન સુધી મૂળ ૫૦૦ ખેડૂતોની ખરીદી કરવામાં આવી રહી છે. આમ એક જ મંડળીના કારણે ટેકાના ભાવે અહીં મગફળીની ધીમી અને ધીંગી ખરીદી થઈ રહી છે. ત્યારે જો તાત્કાલિક અસરથી બીજી સહકારી મંડળીની મંજૂરી મળે તો ખેડૂતો સરળતાથી પોતાની મગફળી ટેકાના ભાવે આપી શકે અને ખેડૂતો હેરાન થતા મટે.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં છકડો રીક્ષા અને કાર

રાજકોટ રીફર કર્યા છે. બાબરા પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધવા આગળ તજવીજ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માતમાં રીક્ષા ચાલક એક ઈજાગ્રસ્ત થયો છે તેની વિગતો પોલીસ સ્ટેશનમાં આવી છે. અર્ટિકા ચાલક કયાંનો હતો. કયાં જતો હતો તેને શું થયું એ કોઈ વિગતો આવેલ નથી. અકસ્માત એટલો જોરદાર હતો કે આર્ટિકા કારનું આગળનું બોનેટ ફાટી ગયું હતું અને તેમાં રહેલ ઓઈલ મોટા પ્રમાણમાં રોડ પર આવી ગયું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં નાની કુંડળ ગામે

કટારીયા નામનાં ૪૮ વર્ષીય ખેડુત તથા તેમના પત્નિ ગત તા.૧૮ના બપોરનાં ૧ થી સાંજે ૪ સુધી પોતાની નાની કુડંળ ગામે સીમ વિસ્તારમાં આવેલ વાડી ખેતરે ગયેલ હતા. અને ઘરના સભ્યો પણ બહાર ગયેલ હતા. ત્યારે દરમ્યાન ધોળા દિવસ કોઈ અજાણ્યો ચોર ઈસમ ખેડૂતના ઘરમાં આવી ઘરના દરવાજાના તાળા નકુચા તોડી ચોરી કરવાના ઈરાદે ઘરમા પ્રવેશ કરી ઘરના કબાટના દરવાજા ખોલી અંદર લોકરના લોક તોડી લોકરની અંદર રાખેલ સોનાનો હાર તથા એક જોડી સોનાની મોટી બુટ્ટી જે બન્નેનું વજન આશરે સાડા ચાર તોલા કિમત રૂપિયા ૩,૧૮,૭૪૭ તથા બે સોનાની વિંટી જેનુ આશરે વજન ૫ ગ્રામ જેની આશરે કિમત રૂપિયા ૪૦,૦૦૦ તથા રોકડ રૂપિયા આશરે ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫,૦૮,૭૪૭ ના મુદામાલની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૬ | ૧૪૯૨ |
| ૨ | કપાસ કોડી | ૯૨૬ | ૧૨૩૭ |
| ૩ | મગફળી | ૮૫૦ | ૧૨૬૦ |
| ૪ | ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| ૫ | મેથી | ૮૩૫ | ૮૩૫ |
| ૬ | જીરૂ | ૩૬૧૧ | ૩૬૧૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૪૦ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૩૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૦૪ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૫૧૯૫ |
| ૫ | જીરૂ | ૩૭૦૦ | ૪૦૫૦ |
| ૬ | કપાસ | ૧૦૭૦ | ૧૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૩ | ૫૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૦ |
| ૯ | અડદ | ૮૧૨ | ૧૧૮૧ |
| ૧૦ | ચણા | ૮૫૦ | ૧૧૮૦ |
| ૧૧ | દેશી ચણા | ૧૨૬૬ | – |
| ૧૨ | મેથી | ૯૨૦ | – |
| ૧૩ | રાય/રાયડો | ૯૫૮ | – |
| ૧૪ | સોયાબીન | ૭૮૦ | ૮૮૪ |

## મહિલા સરપંચે ખાત્રી આપી ચમારડીનાં દલિતવાસમાં થોડા મહિનાઓ બાદ ગટર કનેકશન અપાશે

### નદીમાં ખરાબાનું પાણી દુર થયા બાદ કામગીરી

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના ચમારડી ગામના સરપંચ દયાબેન પીઢડિયા દ્વારા જણાવ્યું હતું કે ગામના સ્થાનિક દલિતવાસમાં ગટરનાં ઘર ઘર કનેક્શન અગાઉ જુના અંદાજે ૫ વર્ષ પહેલા આપેલ છે. જેથી સ્થળ તપાસ કરાતા સાચી જાણકારી મળી હતી ઘર ઘર કનેક્શન અગાઉ જોડેલા છે. પણ ગટર પાઈપ લાઈન નદીમાં નિકળેલ છે. એ મુખ્ય પાઈપ લાઈનમાં જોડવામાં નદીમાં ખરાબાનું પાણી ગંદકીવાળુ ભરેલ હોય જેથી કરી અને ચોમાસુ તાજેતરમાં પૂરૂ થયેલ છે નદીમાં જે



ખરાબાનું પાણી છે તે ઓછું થાય ત્યારબાદ ફીટીંગ થઈ શકે તેમ છે તેવું અંતમાં મહિલા સરપંચ દ્વારા જણાવ્યું હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૩૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૮૦ | ૨૧૧૦ |
| ૫ | તલ કાળા | ૩૦૪૦ | ૪૮૪૦ |
| ૬ | જીરૂ | ૩૦૧૦ | ૪૦૯૦ |
| ૭ | ઘઉં | ૪૬૮ | ૫૩૨ |
| ૮ | ચણા | ૯૫૫ | ૧૧૦૫ |
| ૯ | અડદ | ૮૩૦ | ૧૨૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૪૯૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૮ |
| ૪ | અડદ | ૯૭૦ | ૧૧૦૦ |
| ૫ | ચણા | ૭૪૫ | ૧૦૭૧ |
| ૬ | ચણા સફેદ | ૯૫૧ | ૧૦૦૫ |
| ૭ | ધાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૮ | મેથી | ૬૩૫ | ૬૪૫ |
| ૯ | ચોળી | ૪૯૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૨૫૧ | ૩૨૫ |
| ૧૧ | લસણ | ૨૪૧ | ૧૧૨૧ |
| ૧૨ | કલોંજી | ૨૦૦૦ | ૨૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૨૧ | ૯૨૧ |
| ૧૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| ૧૫ | સીંગફાડા | ૧૦૩૫ | ૧૨૨૩ |
| ૧૬ | મગફળી | ૭૦૧ | ૧૦૫૧ |

## વરસડાથી મતિરાળાનો માર્ગ અતિ બિસ્માર બન્યો

અમરેલી, તા. ૨૦

લાઠી તાલુકાના મતિરાળા ગામથી વરસડા રોડ પર મસમોટા ખાડા હોવાથી વાહન ચાલકોને પારાવાર યાતના વેઠવી પડે છે. ખાડાને કારણે અકસ્માતનો ભય રહે છે ધૂળની ડમરી વચ્ચે વાહનો ચલાવવા પડે છે રાત્રીનાં સમયે વાહન ચલાવવું મુશ્કેલી પડે છે. સત્વરે રોડ રીપેરીંગ થાય તેવી તિવ્ર માંગ છે.

રોડમાં થીગડા માર્યા બાદ ઉપર રોલર ચલાવવું પડે તેમ છે. ઉખડ–ખાબડને લઈ વાહન ચલાવવામાં મુશ્કેલી પડે છે.

## લાઠી ખાતે આજે યુનિટી માર્ચ પદયાત્રાનુ આયોજન

અમરેલી, તા. ૨૦

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે લાઠીમાં તા. ૨૧/૧૧/૨૫ના રોજ સવારે ૮:૦૦ કલાકે યુનિટી માર્ચ પદયાત્રા યોજાશે.

આ પદયાત્રા રાષ્ટ્રીય એકતાના સંદેશ સાથે લાઠી ખાતેની કલાપી હાઈસ્કૂલથી પ્રારંભ થશે અને ભુરખીયા ખાતે સમાપન થશે, જેમાં સ્થાનિક પદાધિકારી–અધિકારીઓ અને મોટી સંખ્યામાં લાઠીના નગરજનો જોડાશે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૦ | ૧૫૦૧ |
| ૨ | કપાસ કોડી | ૮૯૧ | ૧૧૯૦ |
| ૩ | મગફળી | ૮૦૬ | ૧૨૫૦ |
| ૪ | ઘઉં | ૪૯૬ | ૫૨૬ |
| ૫ | ચણા | ૮૫૧ | ૧૦૭૧ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૭ | અડદ | ૬૫૦ | ૧૧૬૧ |
| ૮ | કલોંજી | ૩૦૦૦ | ૪૩૦૦ |
| ૯ | તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૧ | દાણા | ૮૧૦ | ૧૦૬૧ |
| ૧૨ | રાઈ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૨૫ | ૯૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૧૬૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૨૫ |
| ૩ | તલ કાળા | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૫૧ | ૮૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૪૨૫ | ૧૦૩૫ |
| ૮ | મગ | ૯૦૦ | ૧૪૦૦ |
| ૯ | અડદ | ૬૫૦ | ૧૧૦૦ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૧૧ |
| ૧૧ | જીરૂ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૨ | સોયાબીન | ૫૭૩ | ૮૮૧ |

# પાનસડા, ઘુઘરાળા, લોન કોટડા અને બળેલ પીપરીયા ખાતે આરોગ્ય સબ સેન્ટરનો પ્રારંભ






બાબરા તાલુકાના વિકાસયાત્રામાં આજે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. તાલુકાના કુલ ૪ નવા આરોગ્ય સબ સેન્ટરનો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ઉજવણીપૂર્ણ વાતાવરણમાં યોજાયો. આરોગ્ય સેવા મજબૂત બનાવવાના સંકલ્પ સાથે રાજય સરકાર દ્વારા પાનસડા, ઘુઘરાળા, લોનકોટડા અને બળેલ પીપરીયા આ ચાર ગામોમાં અદ્યતન સુવિધાવાળા સબ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા દરેક સબ સેન્ટર માટે કુલ રૂ. ૩૬ લાખના ખર્ચે આ આધુનિક ઈમારતોનું નિર્માણ પૂર્ણ થયું છે, જેમાં સરકારની ગ્રામ્ય આરોગ્ય મજબૂતી દિશામાં આ મહત્વપૂર્ણ સુવિધાઓ ગ્રામજન માટે આશીર્વાદરૂપ બનશે. લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું કે "આરોગ્ય મજબૂત તો ગામ મજબૂત ગામ મજબૂત તો જિલ્લો મજબૂત અને જિલ્લામાંથી જ દેશ મજબૂત બને છે. જનકલ્યાણકાર્ય અમારી સરકારની પ્રાથમિકતા છે. આજના દિવસે ચાર ગામોને મળેલી આ સુવિધા આગામી પેઢીના આરોગ્યને સુરક્ષિત બનાવશે." સ્થાનિક ગ્રામજનો, સરપંચો, આરોગ્ય કર્મચારીઓ અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સબ સેન્ટર શરૂ થતાં રસીકરણ અને માતૃત્વ સેવાઓ વધુ સરળ બનશે સામાન્યરોગચાળા માટે તરત સારવાર મળશે વડીલો અને બાળકોને ગામે જ અગત્યની સેવાઓ ઉપલબ્ધ થશે આ ચારેય સબ સેન્ટરનું લોકાર્પણ બાબરા તાલુકાના આરોગ્ય ક્ષેત્રે એક ઐતિહાસિક પગલું છે. સરકારની વિકાસયાત્રા આગળ વધતી રહે તે માટે લોકોને મોટો વિસ અને ઉમંગ જોવા મળ્યો.

### દેશનાં અનેક રાજયોમાં SIRનો ધમધમાટ

## સાવરકુંડલા : SIRની કામગીરી કરતા બીએલઓ દિવસ-રાત કામે વળગ્યા

### ડિજિટલ ઈન્ડિયામાં નેટવર્કનાં પણ ધાંધિયા

સાવરકુંડલા, તા. ૨૦

બીએલઓ તરીકે શિક્ષકો,આંગણવાડી બહેનો કાર્યરત છે. જેમાં હાલ ગણતરી ફોર્મની વિતરણ,અપલોડની કામગીરી ચાલી રહી છે. જેમાં કર્મચારીઓ સવારથી મોડી રાત્રી સુધી આ કામગીરી પુરી નિષ્ઠા અને ખંતથી જોડાયેલ જોવા મળે છે. પરંતુ હાલ જે બ્લોક લેવલ ઓફિસર્સને એપ્લિકેશનમા કામ કરવાનું છે એપ્લિકેશનમાં સતત એરર આવે છે, વારંવાર લોગ આઉટ થઈ જવાય છે અને ફોટો અને ફોર્મ અપલોડ કરતી વખતે ચકરડા જ ફર્યા કરે છે. જેના કારણે આ કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓનો સમય ખૂબ જ વ્યય થાય છે સાથે બાળકોના શિક્ષણના ભોગે આ કામગીરી કરાવવામાં આવે છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. જો કે આ રાષ્ટ્રીય કામગીરી કહેવાય અને ખૂબ જવાબદારી સાથે કામગીરી હાથ ધરવી પડે. કોઈ પણ ક્ષતિ મતદાતા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. ખરાબ સર્વરના કારણે કોઈ કામ થઈ શકતું નથી અને સતત મોડી રાતે પણ મહિલા બીએલઓને ફોન કરી કામગીરી નિશ્ચિત ટાર્ગેટ પૂરો કરવા જણાવવામાં આવે છે. જેના કારણે તેઓ માનસિક અને શારીરિક રીતે પણ ખૂબ જ ત્રાસ અનુભવે છે ખરેખર આ કામગીરી જો કરાવવી જ હોય તો એપ્લિકેશન સારી રીતે ચાલે એવું પહેલા આયોજન ચૂંટણીપંચ દ્વારા જ થવુ જોઈએ. જેથી કામ કરનાર કર્મચારીનો સમય વ્યય ન થાય તેમજ મહિલા બી.એલ.ઓ.ની સ્થિતિતો એવી છે કે નહીં ઘરના નહીં ઘાટના. તેઓ નથી પરિવારને કે પોતાના બાળકોને સમય આપી શકતા પોતાને સોપેલ વિસ્તારમાં ફરવું સાથે ફોર્મ એકઠાં કરવા એ કામ કરે અને જયારે અપલોડ કરવા બેસે તો એપ્લિકેશન ચાલે નહિ અને છતાં એપ્લિકેશનના સ્કિનશોટ મોકલવા છતાં ઉપરી અધિકારીઓ માનવા તૈયાર નથી હોતા કે એપ્લિકેશનનો પ્રશ્ન છે ખરેખર એક વાર બીએલઓ સાથે ગ્રાઉન્ડ લેવલે આવા અધિકારી કામ કરે અને એપ્લિકેશનમાં કામ કરે તો એમને ખ્યાલ આવે કે ખરેખર કામ કેમ થાય.?

પ્રસ્તુત તસ્વીરમાં સાવરકુંડલા શાળા નંબર પાંચના શિક્ષક ભાર્ગવભાઈ પંડયા રાત દિવસ ઉજાગરા કરીને કામગીરી કરતા જોવા મળે છે.એની કામગીરીનો



માનસિક થાક પેલા અરિસામાં સ્પષ્ટ અંકિત થતો જોવા મળે છે. આમ કામગીરી ખરેખર આપેલ નિયત સમયની સરખામણીએ ખૂબ વધારે છે. પાછી થોડી એવી ભૂલ પણ મતદારોને પોતાના મતદાન અધિકારોથી વંચિત રાખી શકે છે.! એટલે સાવધાન, ખબરદાર મતદાતાઓએ પણ આ સંદર્ભે સતર્કતા અને જાગૃતિ કેળવવી પડશે.

## યોગ ટ્રેનર્સ બેચની ઝોન કોર્ડિનેટર અને ડિસ્ટ્રિક્ટ કોર્ડિનેટરે વિઝિટ કરી



સાવરકુંડલા, તા. ૨૦

ગુજરાત રાજય યોગ બોર્ડની યોગ ટ્રેનર્સ બેચની વિઝિટ પર ઝોન કોર્ડિનેટર વાલજીભાઈ ડાભી તથા ડિસ્ટ્રિક્ટ કોર્ડિનેટર સાગરભાઈ મહેતા આવેલ હતા અને ઝોન કોર્ડિનેટરએ યોગ વિશે માર્ગદર્શન આપેલ હતું સાથોસાથ વિવિધ પ્રશ્નોતરી પણ કરેલ હતી. ગુજરાત યોગ બોર્ડના આગામી કાર્યક્રમો અન્વયે જાણકારી આપેલ હતી. અમરેલી જિલ્લામાં ૧૦૦ યોગ વર્ગો ચાલુ કરવાનો લક્ષ્યાંક પૂર્ણ કરવા તથા આગામી મેદસ્વિતા કેમ્પ તાલુકા કક્ષાએ કરવાની યોગ બોર્ડની વિચારણાથી માહિતગાર કરેલા હતા. ગુજરાત રાજય યોગ બોર્ડના નેજા તળે બીના દીપેશ જોશી સિનિયર યોગ કોચના સમર કેમ્પની ભવ્ય સફળતા બાદ મેદસ્વિતા કેમ્પ પણ સાવરકુંડલામાં આગામી ટૂંક સમયમાં યોજાઈ તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જેનો લાભ સાવરકુંડલાની યોગ પ્રેમી જનતાને લેવા આગ્રહ ભરી વિનંતી છે.

## રાજુલા : ટીબીના દર્દીઓને નિઃશુલ્ક પોષણ કીટનુ વિતરણ




અમરેલી, તા. ૨૦

પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન હેઠળ રાજુલા તાલુકા આરોગ્ય કચેરીના આરોગ્ય સ્ટાફના સહયોગથી ટીબીના દર્દીઓને વિનામુલ્યે પ્રોટીનયુકત પોષણ સહાય કીટના વિતરણનુ આયોજન કરાયુ હતુ. જેમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે દર્દીઓને પોષણ યુકત કીટ આપી ટીબીના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી હતી.આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટીબી મુકત ભારતના વિઝનને સાકાર કરવાની દિશામા એક મહત્વપૂર્ણ પગલુ છે તેમજ પોષણ યુકત આહાર મળી રહે તો તેઓ જલ્દીથી સ્વસ્થ થઈ શકે તે માટે તાલુકા આરોગ્ય કચેરી રાજુલાના તમામ આરોગ્ય સ્ટાફ દ્વારા સ્વખર્ચે કીટની ખરીદી કરી તેમજ કાણકિયા ચા સાવરકુંડલા દ્વારા કીટ માટે ૧૦૦ બેગના ડોનેશન દ્વારા ૧૦૦ જેટલા ટીબીના દર્દીઓને વિનામુલ્યે ન્યુટ્રિશન કીટ આપવામા આવનાર હોવાનુ તાલુકા આરોગ્ય અધિકારી ડો.નિલેશ કલસરીયા દ્વારા જણાવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ભાવેશભાઈ સોલંકી, ડો.હિતેષભાઈ હડીયા, કમલેશભાઈ મકવાણા, વીરભદ્રભાઈ ડાભીયા અને શુકલભાઈ બલદાણીયા તેમજ સરપંચો, ગ્રામજનો (અને) આરોગ્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા જે યાદીમા જણાવેલ છે.

## સાવરકુંડલા મુકામે શ્રીમદ ભગવત ગીતા કંઠ પાઠની ભવ્ય ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૦

તારીખ ૧૯-૧૧-૨૫ને બુધવારના રોજ એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ સાવરકુંડલા મુકામે શ્રીમદ્ ભગવત ગીતા યોજના અંતર્ગત ગીતા કંઠપાઠ અને સત સુભાષિત કંઠ પાઠની સમીક્ષા કરવામાં આવી જેમાં સાવરકુંડલા તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો પ્રતિભાગીઓ દ્વારા ખૂબ સુંદર રીતે ગીતાના શ્લોક તેમજ સુભાષિતોનું લય અને તાલ સાથે ગાયન કરવામાં આવ્યું. નાના ભૂલકાઓએ પણ ખૂબ સુંદર રીતે ગીતાના શ્લોકોનું ગાયન કર્યુ નિર્ણાયક તરીકે નીતાબેન ત્રિવેદી નીતાબેન ભટ્ટ તેમજ કિરણબેન સોજીત્રાએ ફરજ બજાવી સમગ્ર કાર્યક્રમના કન્વીનર તરીકે ઉષાબેન તેરૈયા આચાર્યા એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ દ્વારા કાર્યક્રમનું સુચારુ આયોજન કરવામાં આવ્યું. ગીતા કંઠ પાઠમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાએ શ્રીમદ્ ભગવદગીતાની પુસ્તિકા આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ તકે નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા તેમજ મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા દ્વારા આ સુંદર કાર્યક્રમને બિરદાવવામાં આવ્યો.

### આગામી રવિવારે લીમડીનાં બોરાણા ગામે

## અમરેલીનાં જાણીતા એડવોકેટ ગઢવીભાનાં દીકરા ચિ. મહાવીરભાનો લગ્નોત્સવ

### શનિવારે સાંજે ૭ કલાકે ભોજન સમારંભ

અમરેલી, તા. ૨૦

અમરેલીમાં જાણીતા એડવોકેટ કે.વી. કેસરીયા (ગઢવીભાઈ)નાં લાડલા ચિ. મહાવીરભા લીમડીનાં બોરાણા ગામનાં રમુભા લાભુભા રાબાની લાડલી ચિ. પાયલ બાઈ સાગે ૨૩ નવેમ્બરને રવિવારે લગ્નગ્રંથીથી જોડાશે.




અમરેલી ખાતે ૨૨ નવેમ્બરનાં રોજ સાંજે ૫ કલાકે ફુલેકુ, સાંજે ૭ કલાકે ભોજન સમારંભ અને રાસ ગરબા રાત્રિનાં ૯:૩૦ કલાકે લાભમ પાર્ટી પ્લોટ ઓકસફોર્ડ સ્કુલની સામે અમરેલી ખાતે આમંત્રિત મહેતમાનોને પધારવા સમગ્ર કેસરીયા પરિવારે અનુરોધ કરેલ છે.

### શેડુભારથી અડતાલા માર્ગ ઉપર આવેલ સ્થળે

## ચિતલ : મોઢ બ્રાહમણ ત્રિવેદીના સુરાપુરાદાદાનાં સાંનિધ્યમાં પિતૃપૂજન-તર્પણ કાર્યક્રમ યોજાયો

### શ્રમિક પરિવારોનાં બાળકોને ભોજન કરાવાયુ

ચિતલ, તા. ૨૦

વર્ષના કારતક મહીનો ભાદરવો મહિનો ત્થા ચૈત્ર મહીનો એમ ત્રણ મહીના પિતૃઓના ગણાય છે તેમાય મહીનાના છેલ્લી આજે કાર્તિકી અમાસને ગુરૂવાર પિતૃ તર્પણ માટે શ્રેષ્ઠ અમાસ ગણાય છે આજે થયેલ પિતૃ પૂજા હવન શ્રેષ્ઠ ફળદાઈ છે. આ નિમિતે સૌરાષ્ટ્ર કાઠિયાવાડમાં પોતાના પરિવારના ''સુરાપુરા''ની પૂજા- અર્ચના- તર્પણ-હવન પરિવારો દ્વારા ઠેર-ઠેર કરવામાં આવેલ ત્યારે અમરેલી જિલ્લાના ચિતલ નજીક શેડુભાર- અડતાલની સિમ વાડી વિસ્તારમાં આવેલા મોઢ બ્રાહમણ ત્રિવેદી પરિવારના સુરાપુરા ''હરરજીદાદા'' ના સાંનિધ્યમાં ચિતલ સ્થિત કશ્યપ ત્રિવેદી, પિન્ટુ ત્રિવેદીના પરિવાર દ્વારા દાદાની ડેરીએ યથાશકિત પિતૃ-પૂજન-અર્ચના, ''હવન'' પિતૃ તર્પણ કરી શાંતિ- સર્વલોકોની સુખ, શાંતી મોક્ષ માટે ધર્મ કાર્ય કરી ત્રિવેદી પરિવાર ચિતલ દ્વારા પ્રાર્થના કરવામાં આવી તેમજ વાડીમાં હાજર



ખેતી કામ કરી રહેલા આદીવાસી મજુરો ત્થા તેમના બાળકોને યથાશકિત હળવુ ભોજન કરાવીને પિતૃ મોક્ષની કામના તેમજ લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી.

# અમરેલી જિલ્લાનાં પત્રકારોનું "ફિટ ઈન્ડિયા-ફિટ મીડિયા" અંતર્ગત હેલ્થ સ્ક્રિનિંગ






લોકો સુધી પળે પળેના સમાચારો પહોંચાડવા માટે સતત ભાગદોડમાં રચ્યા પચ્યા પત્રકારઓના આરોગ્યની સંભાળ માટે ગુજરાત સરકારના માહિતી ખાતા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે એક આગવો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ 'ફિટ ઈન્ડિયા- ફિટ મીડિયા' અંતર્ગત અમરેલી જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયાના પત્રકારઓના આરોગ્યની તપાસ માટે હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. અમરેલી શહેરના રેડ ક્રોસ ભવન ખાતે વહેલી સવારે પત્રકારઓના હેલ્થ ચેકઅપ માટે જુદા- જુદા તબીબી ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સાથે ઈ.સી.જી તેમજ એકસરે પણ લેવામાં આવ્યો હતો. આમ, પત્રકારઓના આરોગ્યનાં રિપોર્ટ આપવામાં આવશે. જેથી આરોગ્યની સંભાળ માટે જરૂરી તકેદારી લઈ શકાય. આ હેલ્થ સ્ક્રિનિંગ અંતર્ગત કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ, લીવર તથા કિડની ફંકશન, લિપિડ પ્રોફાઈલ, યુરિક એસિડ, કેલ્શિયમ, થાઈરોઈડ, વિટામીન બી ૧૨ તથા વિટામિન ડી વગેરે તબીબી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ હેલ્થ સ્કીનિંગ કેમ્પના સફળ આયોજન માટે અમરેલી રેડ ક્રોસ સોસાયટીના મોભી ડો. ભરત કાનાબારનો પૂરતો સહયોગ મળ્યો હતો, તેમણે ગુજરાત સરકારના માહિતી ખાતા અને રેડ ક્રોસ સોસાયટીની પત્રકારઓના આરોગ્યની તપાસ માટેની આ પહેલને આવકારી હતી. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી જિલ્લા માહિતી કચેરીના ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક સુપ્રિયંકા પરમારના માર્ગદર્શન હેઠળ સુચારૂ રીતે સંપન્ન થયો હતો, આ સાથે અમરેલી જિલ્લાના પત્રકાર આલમે પણ ગુજરાત સરકાર અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા પત્રકારોના આરોગ્યની ખેવના માટેના આ ઉપક્રમને આવકારી બિરદાવ્યો હતો.

## જિલ્લા વિકાસ અધિકારી, શિક્ષણ સમિતિનાં ચેરમેનની ઉપસ્થિતિમાં

# અરે વાહ : અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાનાં ૭૯ શિક્ષકોને અપાય નિમણૂંક

**શિક્ષક કભી સામાન્ય નહી હોતા કહેવત સાર્થક : અનેક સંઘર્ષમાં અંતે મંજીલ મેળવી**

**જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારની શાળામાં બાળકોને ગણિત–વિજ્ઞાનનો અભ્યાસ કરાવશે**

**૭૯ શિક્ષકોને વિદ્યાસહાયક તરીકે નિમણૂંક કરવામાં આવી ભવિષ્યમાં કરાશે કાયમી**

**સમગ્ર પસંદગી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શી રીતે થતાં શિક્ષકો પણ ખૂશ**

અમરેલી, તા. ૨૦

રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને નાયબ શિક્ષણ નિયામક ગાંધીનગરની સુચના મુજબ આજે તા. ૨૦નાં રોજ અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે વિદ્યાસહાયક( ધો. ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન) સ્થળ પસંદગી કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં કુલ ૭૯ વિદ્યા સહાયક શિક્ષકોને કાયમી નિમણૂંકપત્રો અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, શિક્ષણ સમિતિના ચેરમેન ડેલીગેટ ભીખાભાઈ



ધોરાજીયા, ડી.ઈ.ઓ. એમ.બી. ગોહિલ, ઈન્ચાર્જ ટી.પી.ઈ.ઓ. જી.એમ. સોલંકી, ડાયેટ પ્રાચાર્ય કાર્તિક વ્યાસ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ પ્રમુખ–અમરેલી વિજયભાઈ મકવાણા, જિલ્લા ઉત્કર્ષ મંડળ પ્રમુખ–અમરેલી રજનીભાઈ મકવાણા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ મંત્રી રસિકભાઈ મહેતા, તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ અને શિક્ષણ શાખા જિલ્લા પંચાયત અમરેલીનાં તમામ સ્ટાફે હાજર રહી પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. આ તકે

અનુસંધાન પાના ૬ ઉપર

**રાજકોટ–ભાવનગર હાઈવે ઉપરનો બનાવ**

## બાબરામાં છકડો રીક્ષા અને કાર વચ્ચે અકસ્માતમાં ૧ વ્યકિતને ઈજા

**પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ આદરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૦

બાબરામાં આજે સવારે અહીં રાજકોટ–ભાવનગર રોડપર મધુરમ રેસ્ટોરન્ટ આગળ છકડો રીક્ષા અને અર્ટિકા કાર વચ્ચે જોરદાર ગમખ્વાર સર્જાતા રીક્ષા ચાલકને ગંભીર ઈજાઓ થતા પ્રથમ અહીં સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ રીફર કર્યા છે.

બનાવની પ્રાથમિક વિગત અનુસાર કરીયાણા ગામનાં ઘુઘાભાઈ સાનિયા પોતાના હવાળા વાળી છકડો રીક્ષા લઈ એ રાજકોટ રોડ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સામેથી રાજકોટ રોડ તરફથી પુરપાટ આવી રહેલ અર્ટિકા કાર અને રીક્ષા વચ્ચે અહીં મધુરમ રેસ્ટોરન્ટ પાસે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા ચાલક ને હાથ તેમજ પગમાં જોરદાર ઈજાઓ થતા ૧૦૮ મારફતે બાબરા સરકારી દવાખાને ખેસડવામાં આવ્યા હતા અને અહી થી ફરજ પરના તબીબે વધુ સારવારની જરૂર હોવાથી

અનુસંધાન પાના ૬ ઉપર

**કપાસને કચરતી વખતે બનાવ બન્યો**

## બાબરા : માર્કેટયાર્ડમાં ટ્રક ઉપરથી નીચે પડી જવાથી વૃધ્ધ ખેડૂતનુ મોત

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૦

બાબરાના ઘુડીયા પ્લોટવિસ્તારમાં રહેતાં કાનાભાઈ નાનજીભાઈ કાલરીયા નામનાં ૭૦ વર્ષીય વૃધ્ધ ગત તા.૧૮ના રોજ સાંજે ૫ વાગ્યાનાં સમયે બાબરા માર્કેટ યાર્ડમાં કપાસની ગાડીમાં ઉપર ચડી કપાસને કચરતા હતા. ત્યારે અકસ્માતે તેમનો પગ લપસતા કપાસની ગાડી ઉપરથી નીચે પડી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**ખેડૂત પરિવાર વાડીને ખેતીકામે જતા**

## તસ્કરો બન્યા બેફામ : બાબરાનાં નાની કુંડળ ગામે ધોળે દિ'એ ૫.૮ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૦

બાબરા તાલુકાનાં નાની કુંડળ ગામે રહેતાં જેસાભાઈ કલાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

**એસપીનાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**

## અમરેલીનાં નાના માચીયાળા બાયપાસ માર્ગ ઉપર બિયર લઈ જતી કારને ઝડપી લેવાઈ

**3 વ્યકિતઓની ૧૨.૫૩ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત**



અમરેલી, તા. ૨૦

ભારતીય બનાવટના અલગ અલગ બ્રાન્ડનાં બિયરના જથ્થાની હેરફેર કરતા ત્રણ ઈસમોને રૂપિયા ૧૨,૫૩,૦૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી એલ.સી.બી. પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે નાઈટ પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન બાતમી મળેલ કે એક કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો બિયરનો જથ્થો ભરી ચિતલ ગામ તરફથી અમરેલી બાજુ આવે છે અને આ કાર નાના માચિયાળા ગામ પાસે આવેલ નવા બાયપાસ રોડ ઉપરથી પસાર થનાર છે અને તે કાર આગળ એક બીજી સ્વીફટ કાર પાયલોટીંગ કરી રહેલ છે. જે બાતમી આધારે એલ.સી.બી. ટીમ વોચમાં રહી બોટાદના કારીયાણી ગામે રહેતાં કરણ વલકુભાઈ ખાચર, મયુર જગુભાઈ પટગીર તથા પ્રદીપ રવુભાઈ બોરીચા નામનાં ત્રણ ઈસમોને ભારતીય બનાવટના અલગ અલગ બ્રાન્ડના બિયરના ૫૦૦ એમ.એલ.ના ટીન નંગ–૬૪૮ પેટી જેની કિંમત રૂપિયા ૬૭,૫૬૦, રોકડા રૂપિયા ૭૩,૫૦૦

અનુસંધાન પાના ૬ ઉપર

























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)